RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER
Year : 14 Issue : 239 Dt. 21-12-2024 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# સનાતન ધર્મએ દેશનો રાષ્ટ્રીય ધર્મ : યોગી

## યોગીએ કહ્યું કે ધર્મ અને સંસ્કૃતિ દ્વારા સમાજમાં સકારાત્મકતા અને શાંતિ ફેલાય છે : જે લોકો પવિત્ર સ્થળોનો નાશ કરે છે, તેમના કુળ અને વંશનો નાશ થાય છે



નવીદિલ્હી, તા. ૨૦
ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શુક્રવારે કહ્યું કે સનાતન ધર્મ એ ભારતનો રાષ્ટ્રીય ધર્મ છે અને તેનું રક્ષણ કરવું એ આપણા બધાની ફરજ છે. મુખ્યમંત્રી યોગીએ અહીંના અયોધ્યા ધામના અશરફી ભવન આશ્રમમાં આયોજિત અષ્ટોત્તરસત ૧૦૮ શ્રીમદ ભાગવત પાઠ અને પંચ નારાયણ મહાયજ્ઞમાં ભાગ લીધો હતો. તેમણે કહ્યું, સનાતન ધર્મ એ ભારતનો રાષ્ટ્રીય ધર્મ છે અને તેનું રક્ષણ કરવું એ આપણા બધાની ફરજ છે. શુક્રવારે જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર યોગીએ કહ્યું કે ધર્મ અને સંસ્કૃતિ દ્વારા સમાજમાં સકારાત્મકતા અને શાંતિ ફેલાય છે. ઐતિહાસિક મંદિરો પર હુમલાની ઘટનાઓનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ કહ્યું કે જે લોકો આ પવિત્ર સ્થળોનો નાશ કરતા હતા, તેમના કુળ અને વંશનો નાશ કરવામાં આવ્યો હતો.

યોગીએ દાવો કર્યો, ઔરંગઝેબના પરિવારના લોકો આજે રિક્ષા ચલાવે છે. આ તેમનું દુઃખ છે. જો તેણે સારા કાર્યો કર્યા હોત અને મંદિરોનો નાશ ન કર્યો હોત, તો શું તેની આવી પરિસ્થિતિ હોત? તેમણે કહ્યું, સનાતન ધર્મ દ્વારા જ વિશ્વ શાંતિ સ્થાપિત થઈ શકે છે. આ એક સનાતન ધર્મ છે, જે સૃષ્ટિના આરંભથી ચાલતો આવ્યો છે. યોગીએ કહ્યું કે જો વિશ્વ માનવતાને બચાવવી હોય તો સનાતન ધર્મનું સન્માન કરવું પડશે. આ એક સનાતન ધર્મ છે, જે સૃષ્ટિના આરંભથી ચાલ્યો આવે છે.

મુખ્યમંત્રીએ કહ્યું કે, હેરિટેજ અને ડેવલપમેન્ટ વચ્ચે વધુ સારો સમન્વય હોવો જોઈએ. અયોધ્યામાં થઈ રહેલા વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ડબલ એન્જિન સરકારે સંતોના માર્ગદર્શન હેઠળ અયોધ્યાની ગરિમા પુનઃસ્થાપિત કરવાનું કામ કર્યું છે. યોગીએ કહ્યું કે રામલલાના ભવ્ય મંદિરનું નિર્માણ અને અયોધ્યા ધામનો વિકાસ તેનું જીવંત ઉદાહરણ છે. તેમણે ભારતીયોને સનાતન ધર્મની રક્ષા અને જાળવણી માટે એકજુટ થઈને કામ કરવા આહ્વાન કર્યું હતું. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે, જ્યાં સુધી સનાતન ધર્મ અહીં સુરક્ષિત છે ત્યાં સુધી ભારત ભારત છે.

પ્રયાગરાજમાં મહાકુંભની તૈયારીઓ ચાલી રહી છે. મહાકુંભને ધ્યાનમાં રાખીને લાખો શ્રદ્ધાળુઓ અયોધ્યા પણ પહોંચશે. હવે અયોધ્યામાં શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પોતે સ્થળ પર નજર રાખી રહ્યા છે. અધિકારીઓ સાથેની બેઠકમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અધિકારીઓને માર્ગદર્શિકા પણ આપી હતી. જેથી કરીને અયોધ્યા આવતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ અશરફી ભવન મંદિરમાં ચાલી રહેલી યજ્ઞ વિધિમાં પૂજા અર્ચના કરી હતી. મંચ પરથી સંબોધન કરતાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, 'જો સનાતન ધર્મ સુરક્ષિત છે તો વિશ્વમાં દરેક વ્યક્તિ સુરક્ષિત છે. હું વારંવાર કહું છું કે સનાતન ધર્મ જ વિશ્વમાં શાંતિ સ્થાપી શકે છે. ત્યાં સુધી સનાતન ધર્મ ભારતનો રાષ્ટ્રીય ધર્મ છે.

# બાંગ્લાદેશ : ૨૨૦૦ હિન્દુ લોકો પર હુમલો

## એક વર્ષમાં પાકિસ્તાનમાં ૧૧૨ હુમલા થયા : નક્કર પગલા લેવા અનિવાર્ય

નવીદિલ્હી, તા. ૨૦
બાંગ્લાદેશમાં પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના રાજીનામા બાદ હિંદુઓ વિરુદ્ધ ઘણી હિંસા થઈ રહી છે, પરંતુ વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસ તેને સ્વીકારવા તૈયાર નથી. હવે ભારત સરકારે હિંસા પર બાંગ્લાદેશના જુઠ્ઠાણાનો પર્દાફાશ કર્યો છે. સંસદમાં આપેલા જવાબમાં વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે કહ્યું કે આ વર્ષે ૮ ડિસેમ્બર સુધી બાંગ્લાદેશમાં હિંદુઓ સહિત લઘુમતીઓ પર ૨૨૦૦ હુમલા થયા છે, જ્યારે પાકિસ્તાનમાં આ વર્ષે ઓક્ટોબર સુધીમાં ૧૧૨ હુમલા થયા છે. હિંદુઓ પર હુમલા. આનો અર્થ એ છે કે બાંગ્લાદેશ પાકિસ્તાન કરતાં હિન્દુઓ સામે વધુ ક્રૂરતા બતાવી રહ્યું છે તે સ્પષ્ટ છે.

સંસદમાં આંકડાઓ જાહેર કરતી વખતે વિદેશ રાજ્ય મંત્રી કીર્તિવર્ધન સિંહે કહ્યું કે, બાંગ્લાદેશમાં વર્ષ ૨૦૨૨માં હિંદુઓ અને અન્ય લઘુમતીઓ પર ૪૭ હુમલા થયા હતા, જ્યારે પાકિસ્તાનમાં આ સંખ્યા ૨૪૧ હતી. આ પછી, ૨૦૨૧ માં, બાંગ્લાદેશમાં ૩૦૨ અને પાકિસ્તાનમાં ૧૦૩ કેસ નોંધાયા હતા. તે જ સમયે, આ વર્ષે બાંગ્લાદેશમાં હિંદુઓ વિરુદ્ધ હિંસામાં જબરદસ્ત વધારો થયો છે. ૮ ડિસેમ્બર ૨૦૨૪ સુધી બાંગ્લાદેશમાં હિંસાના ૨૨૦૦ કેસ નોંધાયા છે અને પાકિસ્તાનમાં આ સંખ્યા ૧૧૨ છે. વિદેશ રાજ્ય મંત્રીએ કહ્યું છે કે સરકારે હિંસાની આ ઘટનાઓને ગંભીરતાથી લીધી છે અને બાંગ્લાદેશ સરકાર સાથે ચિંતા વ્યક્ત કરી છે. સરકારને આશા છે કે બાંગ્લાદેશ સરકાર હિંદુઓ અને અન્ય લઘુમતીઓની સુરક્ષા માટે કડક અને જરૂરી પગલાં લેશે. બાંગ્લાદેશના વિદેશ સચિવની મુલાકાત દરમિયાન પણ આ જ સંદેશ આપવામાં આવ્યો છે. ઢાકામાં ભારતીય દૂતાવાસ પણ હુમલાની ઘટનાઓ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

આ સાથે, વિદેશ રાજ્ય મંત્રીએ એમ પણ કહ્યું કે ભારત સરકારે પાકિસ્તાનને ધાર્મિક અસહિષ્ણુતા, સાંપ્રદાયિક હિંસા, પ્રણાલીગત દમન અને લઘુમતી સમુદાયો પરના હુમલાઓને રોકવા અને તેમની સુરક્ષા, સુરક્ષા અને કલ્યાણની ખાતરી કરવા માટે પગલાં લેવા વિનંતી કરી છે. મંત્રીએ કહ્યું, ''ભારત પાકિસ્તાનમાં લઘુમતીઓની દુર્દશાને યોગ્ય આંતરરાષ્ટ્રીય મંચો પર પ્રકાશિત કરવાનું ચાલુ રાખે છે.'' મંત્રીએ કહ્યું કે અન્ય પડોશી દેશો (પાકિસ્તાન અને બાંગ્લાદેશ સિવાય)માં હિંદુઓ અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ હિંસાના શૂન્ય કેસ છે. સિંઘ તરફથી છેલ્લા ત્રણ વર્ષમાં પાડોશી દેશોમાં હિંદુઓ અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ હિંસાના કુલ કેસોની સંખ્યા દેશ-વાર અને વર્ષ પ્રમાણે; અને તેમાં રાજદ્વારી હસ્તક્ષેપ અને રાહતના પગલાં સહિત લઘુમતીઓની સુરક્ષા માટે મંત્રાલય દ્વારા લેવામાં આવેલા અથવા પ્રસ્તાવિત પગલાં વિશે પૂછવામાં આવ્યું હતું.

તમને જણાવી દઈએ કે ઓગસ્ટમાં મોટા પાયે સરકાર વિરોધી દેખાવોના કારણે પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાને દેશ છોડવાની ફરજ પડી હતી, જે બાદ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધોમાં ભારે તણાવ આવી ગયો હતો. નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મુહમ્મદ યુનુસ હસીનાએ ભારતમાં શરણ લીધાના દિવસો બાદ સત્તા પર આવ્યા હતા. તેઓ મુખ્ય સલાહકાર તરીકે બાંગ્લાદેશની વચગાળાની સરકારનું નેતૃત્વ કરે છે.

# BZ SCAM : ઉચ્ચ અધિકારીઓની સંડોવણી

## CIDની ટીમ ચોંકી ઉઠી: મુખ્ય આરોપી ભૂપેન્દ્ર ઝાલા હાલ ભૂગર્ભમાં

રાજકોટ, તા. ૨૦
ઉત્તર ગુજરાતમાં ઇણ ગ્રુપના ભૂપેન્દ્ર ઝાલા નામના કૌભાંડીએ એકના ડબલ કરી આપવાનું કહી ૬૦૦૦ કરોડનું ફુલેકું ફેરવ્યું હતુ. જેમાં ગુજરાતની સામાન્ય જનતાની સાથે સાથે શિક્ષકો, ખેડૂતો, પોલીસકર્મી ઓ, નિવૃત કર્મચારીઓ, લેભાગુની લાલચમાં આવીને લૂંટાયા છે. તેમજ સરકારી કર્મચારીઓ પણ કૌભાંડીના એજન્ટ તરીકે કામ કરતા હોવાનું સામે આવ્યુ હતુ. ભૂપેન્દ્ર ઝાલા, દરેક એજન્ટને રોકાણ સામે ૫થી ૨૫ ટકાનું કમિશન આપતો હતો. CIDએ બે બેંક ખાતાની તપાસ કરતા, બંને ખાતામાંથી રૂપિયા ૧૭૫ કરોડના વ્યવહારો થયાનું સામે આવ્યું હતુ. જો કે આરોપી ભૂપેન્દ્ર ઝાલા હાલ ભૂગર્ભમાં ઉતરી ગયો છે.

BZ Group Scamમાં ઉચ્ચ અધિકારીઓના નામ સામે આવતા સીઆઇડીની ટીમ ચોંકી ઉઠી છે. જેમાં તપાસનો રેલો હવે સ્થાનિક અને ગાંધીનગર, અમદાવાદના



અધિકારીઓ સુધી પહોંચશે તેમ સૂત્રો જણાવી રહ્યાં છે. ત્યારે BZ Group Scam મામલે પ્રાથમિક શિક્ષકની અટકાયતનો મામલો સામે આવ્યો છે. પ્રાથમિક શિક્ષણાધિકારી કેયૂર ઉપાધ્યાયે શિક્ષક વિરુદ્ધ તપાસના આદેશ આપ્યા છે. જેમાં તાલુકા શિક્ષણના અધિકારીઓને તપાસના આદેશ આપતા બીઝેડ ગ્રુપના કૌભાંડમાં સંડોવણીને લઈ શિક્ષકની તપાસ શરુ કરાઈ છે. તેમાં સીઆઈડી ક્રાઈમ દ્વારા શિક્ષકની અટકાયત કરી પૂછપરછ કરવાને લઈ તપાસ થઇ છે અને સીઆરસી, બીઆરસી આગેવાનીમાં પ્રાંતિજની પ્રાથમિક શાળામાં તપાસની કાર્યવાહી થઇ છે.

સીઆઈડી ક્રાઇમ દ્વારા વિગતો આપવામાં આવી હતી કે, ભૂપેન્દ્રસિંહ ઝાલા સામે ફરિયાદ નોંધાવી છે. ૧ મહિનાથી અલગ-અલગ જગ્યાઓ પર સર્વેલન્સ ગોઠવવામાં આવ્યું હતું. તેમજ વિવિધ જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા હતા. ચોંકાવનારો ખુલાસો કરતા સીઆઈડી ક્રાઈમે કહ્યું કે BZ ફાયનાન્સિયલ સર્વિસ અનઅધિકૃત સંસ્થા છે. ગ્રાહકોને મહિનાના ૩ ટકાથી લઈને વર્ષે ૩૩ ટકા કરતાં વધુ વળતર આપવાની લાલચ આપતા હતા. કેટલા લોકો પાસેથી રૂપિયા લીધા તે કહેવું મુશ્કેલ છે. ૧૭૫ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેક્શન મળી આવ્યા છે. આ ગ્રુપ દ્વારા શિક્ષકો અને નિવૃત સરકારી કર્મચારીઓને ટાર્ગેટ કરવામાં આવતા હતા. દરોડો દરમિયાન ૧૬.૩૭ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા છે CID ક્રાઇમ રાજકુમાર પાંડિયનએ કહ્યું કે દરોડા દરમિયાન ૧૬.૩૭ લાખ રોકડા મળી આવ્યા છે. એગ્રીમેન્ટ અને ૩૪ દસ્તાવેજો પણ મળ્યા છે. અનંત દરજી નામનો એક એજન્ટ પકડાયો છે. ૫ અન્ય લોકોની પણ અટકાયતો કરવામાં આવી છે. એજન્ટોને ૫થી ૨૫ ટકા કમીશન આપવામાં આવતું હતું.

BZ ગ્રૂપના ૬૦૦૦ કરોડના કૌભાંડ મામલે CID ક્રાઈમના SP હિમાંશુ વર્માએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. સમગ્ર મામલે CID ક્રાઈમના SP હિમાંશુ વર્માએ જણાવ્યું હતું કે, BZ કૌભાંડમાં કુલ ૩ ફરિયાદ મળી છે. એક સરકારી ફરિયાદમાં ૭ની ધરપકડ કરવામાં આવી છે. ભૂપેન્દ્ર ઝાલાની અલગ અલગ રાજ્યમાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. ભૂપેન્દ્ર ઝાલાએ અલગ અલગ ૧૨ કંપની બનાવી હોવાનું સામે આવ્યું છે. જેમાં ૪ કંપનીના ૧૬ એકાઉન્ટની તપાસ થઈ છે. રોકડ પૈસા આંગડિયા મારફતે મોકલવાના પુરાવા પણ મળ્યા છે.

## જાહેર સેવક બની જનતાની સેવા કરી સમસ્યાનું નિવારણ લાવવું જરૂરી : CM

# કરપ્શન ૧૦૦ % દૂર કરવા નિંદામણ જરૂરી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટરો-જિલ્લા વિકાસ અધિકારીઓની યોજાઈ કોન્ફરન્સ : મહેસૂલ-પંચાયત-ગ્રામ વિકાસ-શહેરી વિકાસ-પ્રવાસન-શિક્ષણ સહિતના વિભાગોની યોજનાઓની જિલ્લા સ્તરીય સ્થિતીની સમીક્ષા હાથ ધરવામાં આવી



રાજકોટ, તા. ૨૦
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, સરકાર અને અમલીકરણ અધિકારીઓ તથા જિલ્લાના વહીવટી વડાઓએ જનતા-પબ્લિકને સારી સેવા-સુવિધાઓ અને કલ્યાણ યોજનાઓના લાભ પહોંચાડવાના માધ્યમ બનવાનું છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આ જવાબદારી અને કર્તવ્યના ભાવ સાથે કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ પોતાની ભૂમિકા નિભાવે તે અપેક્ષિત છે.

મુખ્યમંત્રી રાજ્યના જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની એક દિવસીય સંયુક્ત પરિષદનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા સંબોધન કરી રહ્યા હતા. ગ્રામ વિકાસ મંત્રી રાઘવજી પટેલ, પંચાયત રાજ્યમંત્રી બચુભાઈ ખાબડ, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સલાહકાર ડો. હસમુખ અઢિયા આ અવસરે ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, જાહેર સેવક તરીકે જનતાની સેવા કરવી, તેની સમસ્યા-મુશ્કેલીઓ દૂર કરવી તે આપણું દાયિત્વ અને ફરજ બેય છે. આ માટે લોકસંપર્ક વધુ સુદ્રઢ બનાવવાની હિમાયત કરતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા અધિકારીઓને ફિલ્ડ વિઝીટ માટે તાકીદ કરી હતી. ફિલ્ડ વિઝીટમાં લોકોની રજૂઆતો- ફરિયાદો ધ્યાને આવે તેના નિવારણ માટેના ઉપાયો યોજવા સાથોસાથ જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓના વ્યવહાર વર્તનનો ફીડબેક મેળવી સુશાસનની દિશામાં વધુ સક્રિય થઈએ.

મુખ્યમંત્રીએ લોક પ્રશ્નોના ત્વરિત નિરાકરણની તથા ઉચ્ચ કક્ષાથી લઈને સામાન્ય માનવીની રજૂઆતોના યોગ્ય જવાબ મળે તેવી સુદ્રઢ વ્યવસ્થા જિલ્લા સ્તરે જ ઊભી થાય અને 'સ્વાગત'માં આવવું જ ન પડે તેવી સ્થિતીનું નિર્માણ કરવા પણ કલેકટરો-વિકાસ અધિકારીઓને સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઝિરો ટોલરન્સ અગેઈન્સ્ટ કરપ્શનનો નિર્ધાર દોહરાવતા કહ્યું કે, વિકાસના રોલ મોડલ એવા આપણા ગુજરાતના વધુ ઉન્નત અને વૈશ્વિક વિકાસમાં આડે આવતું આ કરપ્શન ૧૦૦ ટકા દૂર કરવું જ પડે, નિંદામણ કરી નાખવું પડે એમ તેમણે માર્મિક ટકોર કરતા ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ સ્પષ્ટ કહ્યું કે, સરકારના પરિપત્રો નિયમોનું અલગ અલગ અર્થઘટન જિલ્લાઓમાં થવું ન જોઈએ જો કોઈ કામ નિયમાનુસાર ન થાય તેવું હોય તો તેના સ્પષ્ટ કારણો જણાવી દેવા જોઈએ. આ અંગે તેમણે વધુમાં જણાવ્યું કે, વ્યવસ્થા સ્થાયી છે કોઈ વ્યક્તિ કે તેનું પદ સ્થાયી નથી, એટલે સેવાકાળ દરમિયાન જનહિતના કામો પારદર્શિતા અને ૧૦૦ ટકા પ્રમાણિકતાથી કરીને પદની ગરિમા-સ્ટેટસ ઊંચું લાવવાનો વિચાર જ પ્રાથમિકતા હોવો જોઈએ.

ગુજરાત આજે વિકાસનું રોલ મોડલ અને ગ્રોથ એન્જિન બન્યું છે તેમાં જિલ્લાના વડા તરીકે કલેક્ટર-ડી.ડી.ઓ. અને તેમની ટીમનો મહત્વપૂર્ણ ફાળો છે તેમ મુખ્યમંત્રીએ સૌને એ માટે બિરદાવતા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો રોડ મેપ તૈયાર થયેલો છે તેનાં સુચારુ અમલથી ૨૦૪૭ સુધીમાં વિકસિત ગુજરાત બને તેવી સંકલ્પના અને કાર્યદક્ષતા જિલ્લાની ટીમના વડાઓએ દાખવવાની છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આવી કલેકટર-ડી.ડી.ઓ. કોન્ફરન્સ જિલ્લાઓમાં કરવાનું પ્રેરક સૂચન કરતા કહ્યું કે, આના પરિણામે જિલ્લાના સમગ્રતયા વિકાસથી રાજ્ય સરકાર અને અન્ય જિલ્લા અધિકારીઓ ભલિ ભાંતિ પરિચિત પણ થશે.આ એક દિવસીય પરિષદમાં મહેસુલ, પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગની લોકોને સીધી સ્પર્શતી યોજનાઓમાં જિલ્લાઓની કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

આ ઉપરાંત નિર્મળ ગુજરાત ૨.૦, નલ સે જલ, પી.એમ.વિશ્વકર્મા યોજના, પ્રધાનમંત્રી સૂર્યઘર મૂફ્ત બીજલી યોજના, પી.એમ.જે.એ.વાય. અને પી.એમ. પોષણ યોજનાની જિલ્લા સ્તરે થયેલી કામગીરી પર પ્રેઝન્ટેશન સહિત સમૂહ ચિંતન થયા હતા.આ પ્રસંગે મુખ્ય સચિવ રાજકુમારે પરિષદનો હેતુ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, નાગરિકોના હિતમાં સરકારે અમલમાં મૂકેલી કોઇપણ યોજનાની આંકડાકીય સિદ્ધિ કરતા એ યોજનાનો ઉદ્દેશ્ય પરિપૂર્ણ થાય તે વધુ મહત્વપૂર્ણ છે. જિલ્લાના વહીવટી વડા તરીકે કલેકટરઓ અને જિલ્લા વિકાસ અધિકારીઓનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોની સુખાકારી જ હોવો જોઈએ. નાગરિક હિતલક્ષી કોઇપણ કામ ગુણવત્તાયુક્ત થશે, તો જ નાગરિકોની સુખાકારીમાં વધારો થશે અને સરકાર પ્રત્યે તેમનો વિશ્વાસ વધુ દ્રઢ બનશે.

મુખ્ય સચિવએ ઉમેર્યું હતું કે, સરકારની કોઇપણ યોજનાને વધુ અસરકારક બનાવવા માટે 'ફીડબેક મેકેનીઝમ' ઉભું કરવું ખૂબ જ જરૂરી છે. જિલ્લા કક્ષાએ કામ કરતા અધિકારીઓ નાગરીકો સાથે સૌથી નજીકથી કામ કરતા હોવાથી ફીડબેક મેકેનીઝમ વધુ મજબૂત બની શકે છે. એમ પણ તેમણે ઉમેર્યુ હતું. આ સંયુક્ત પરિષદમાં મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવઓ પંકજ જોષી અને એમ. કે. દાસ ઉપરાંત રાજ્ય સરકારના વિવિધ વિભાગોના અધિક મુખ્ય સચિવો, અગ્રસચિવો અને મુખ્યમંત્રીના સચિવ અવંતિકા સિંઘ સહિત સચિવો પણ જોડાયા હતા.

### લોભી હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે એ કહેવત અહિ સાર્થક થઈઃ ઠગ ટોળકી ઝડપાતાં ચોંકાવનારી વિગતો ખુલી

# એકના ૧૦ ગણા કરાવવા ૧૧ લાખની લોન લીધી ને નાણા ગુમાવ્યા!

### વિધીના નામે ટોળકી ડબ્બો તાળુ મારીને આપતી અને પૂજા કર્યા બાદ બે મહિના પછી ખોલવાનું કહેતીઃ ડબ્બો ખોલાતાં રૂપિયાને બદલે નાળીયેર નીકળતાં હતાંઃ ૬ ઠગ પકડાતાં ચાર ગુના ઉકેલાયાઃ સાડા આઠ લાખની મત્તા કબ્જે

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

રાજકોટઃ હાલના દિવસોમાં લગભગ દરેક લોકોને રાતોરાત માલદાર બની જવાની ઈચ્છા હોય છે, સપનાઓ હોય છે. આવી ઈચ્છા રાખવી અને સપના જોવા એમાં ખોટુ નથી. પણ તમે જો ખોટા રસ્તે કે લોભ લાલચમાં આવીને ટુંકા રસ્તે માલદાર થવાનો પ્રયાસ કરો છો તો તમે જાણતા અજાણતાં કાં તો ગુનાખોરીના માર્ગે ચડી જાઓ છો, કાં તો ધૂતારાઓની જાળમાં ફસાઈને તમે તમારી મસમોટી મુડી ગુમાવી બેસો છે. એક ટોળકી વિધી કરીને એકના દસ ગણા રૂપિયા કરી આપવાની લાલચ દઈ ખાસ કરીને મહિલાઓને છેતરતી હતી. આ ટોળકીના છ ઠગને ઝડપી લેવામાં પોલીસ સફળ થઈ છે. આ પ્રકારના ચાર ગુના ઉકેલાયા છે. અહિ ચોંકાવનારી વિગતો પણ ખુલી છે. એક વ્યક્તિએ એકના દસગણા કમાઈ લેવાની લાલચમાં અગિયાર લાખની લોન લઈ નાણા ઠગને આપી દીધા હતાં!

વિગતો પર નજર કરીએ તો લોકોને તમારી પાસે માતાજીના ફોટાવાળો દસનો સિક્કો છે તો અમને આપો અમે એકના દસગણા રૂપિયાની વિધી કરી દઈશું તેમ કહી ગઠીયાઓ કેટલાક સમયથી ઠગાઈ કરતાં હતાં. આવા ચારથી વધુ કિસ્સા સામે આવતાં પોલીસે ટોળકીને શોધી કાઢવા તપાસ આરંભી હતી. અંતે સફળતા મળી હતી અને છ શખ્સોની ટોળકીને પકડી લેવાઈ હતી. પોલીસે આ ગુનાઓમાં નવલખી કમ્પાઉન્ડમાં રૂપિયાના ભાગ પાડવા માટે ભેગા થયેલા પ્યારે સાહેબ ઉર્ફે પ્યારો જીવાભાઈ રાઠોડ (ભોજ ગામ પાદરા), કાળુ ઉર્ફે અશોક ફતેસિંહ સોલંકી (એકતા નગર, તાંદલજા), ઈરફાન ઉર્ફે મહેશ મુસ્તુફા દિવાન (કોઠીયાપુરા, તાંદલજા), સિરાજ ઉર્ફે લાલો ફતેસિંહ સોલંકી (ભોજ ગામ, પાદરા), મકબુલશા અબ્દુલશા દિવાન (ગઢબોરીયાદ નસવાડી) અને અને અનવર કરી મોબાઈલ ગરાસીયા (નવાપુરા, ડભોઈ, વડોદરા)નો સમાવેશ થાય છે.

પોલીસે આ ટોળકી પાસે ૬.૭૫ લાખ રોકડા, સોનાની એક ચેન, ૯ મોબાઈલ, ૩ ટુવિલર, મોર છાપ વાળી દસ રૂપિયાની ચાર નોટ, ત્રણ આધારકાર્ડ, આરસી બુક અને પાનકાર્ડ મળી કુલ ૮.૫૭ લાખની મતા કબજે કરી હતી. વડોદરા શહેરમાં છેલ્લા સાડા ત્રણ મહિનાથી એક ગેંગ સક્રિય બની હતી. જેમાં આરોપીઓ રાજુ, અશોક, અરવિંદ, મહારાજ અને મહેશ જેવા ખોટા નામો કહીને તાંત્રિક વિધિનો ઢોંગ કરતા હતા અને ડબ્બામાં મુકેલા રૂપિયા ડબલ કે દસ ગણા થઈ જશે તેમ કહીને લોકોને વિશ્વાસમાં લેતા હતા અને ઠગાઈ આચરતા હતા. અમદાવાદની પોળમાં રહેતા એક



મહિલાને માતાજીના ફોટાવાળા સિક્કા ઉપર દસ ગણા રૂપિયા કરી આપવાની લાલચ આપી હતી. મહિલાને ત્રીસ હજાર રૂપિયા ડબ્બામાં મુકાવ્યા અને બે મહિના પછી ડબ્બો ખોલવા કહ્યું. બે મહિના બાદ મહિલાએ ડબ્બો ખોલતા ત્રણ નાળિયેર નિકળ્યા હતાં.

આ આરોપીઓ ઠગાઈનો ગુનો કરવા માટે વધુ પ્રમાણમાં મહિલાઓને ટાર્ગેટ કરતા. ખોટા નામ ધારણ કરી રૂ.૧૦ની મોર છાપવાળી નોટ, ૩ આંકડાવાળી નોટ તેમજ માતાજીના સિક્કા ઉપર તાંત્રિક વિધિઓ કરી આપી રૂપિયા એકના ડબલ તેમજ ૧૦ ગણા કરી આપવાની લાલચ આપી તેઓને અવાવરૂ જગ્યાએ લઈ જઈ તાંત્રિક વિધિનો ઢોંગ કરતા હતા. લોકો પાસે એક ડબ્બામાં રૂપિયા મુકાવી લોકોની નજર ચુકવી રૂપિયાવાળો ડબ્બો બદલી તેના બદલે નાળિયેર રાખેલો ડબ્બો આપી વિશ્વાસઘાત-છેતરપીડી કરી રૂપિયા પડાવી લેવાના ગુનો આચરતા હતા. લોકો આરોપીઓની જાળમાં ફસાય તે માટે આ ગેંગનો એક માણસ પોતાનો નંબર મહિલાને આપતો હતો અને મોર છાપ વાળી નોટ તેની પાસે હોય તો ડબલ કે દસ ગણા રૂપિયા આપવાની લાલચ આપતો હતો. ગેંગનો બીજો માણસ રૂ.૧૦ની મોર છાપવાળી નોટ, ત્રણ આંકડાવાળી નોટ નાગરીકોને યેનકેન -કારે મહિલા સુધી પહોંચાડી દેવાનું કામ કરતો હતો. ત્યારબાદ મહિલાઓને છેતરવાનો સિલસિલો શરૂ થતો હતો.

દંતેશ્વર ખાતે રહેતા ફરિયાદીને ઠગોએ બે લાખના ૪ લાખ રૂપિયા કરી આપવાની લાલચ આપી હતી અને એક ડબ્બામાં ૨ લાખ રૂપિયા મુકીને ડબ્બાને તાળુ મારી દીધું હતું. ઠગોએ કહ્યું હતું કે, બે મહિના પછી અમે આવીએ પછી તમને ચાવી આપીશું, પછી ડબ્બો ખોલવાનો છે. ડબ્બામાં વિધીના કારણે ૨ લાખ રૂપિયાના ૪ લાખ રૂપિયા થઈ જશે. ત્યારબાદ ઠગ ટોળકી જતી રહી હતી અને ૨ મહિના પછી ઠગોએ ફોન ઉપાડ્યો નહોતો અને મહિલાને રૂપિયાની જરૂર હતી. જેથી મહિલાએ ડબ્બાનું તાળુ તોડી નાખ્યુ હતું. જો કે, તેમાં રૂપિયા નહોતા. તેમાં બે શ્રીફળ મળ્યા હતા.

અન્ય એક મહિલાને ઠગ ટોળકીએ ૮૫૦ રૂપિયા લઈને પૂજા કરાવી આપી હતી. ત્યારબાદ મહિલાને ડબ્બામાં ૩.૫૦ લાખ રૂપિયા મુકાવ્યા હતા. એક અઠવાડિયા પછી ડબ્બો ચેક કરતા તેમાં પૈસા નહોતા, માત્ર ૩ શ્રીફળ જ નિકળ્યા હતા. બાપોદ વૈકુંઠ ખાતે રહેતા ફરિયાદીને ઠગોએ કહ્યું હતું કે, માતાજીના ફોટોવાળા ૧૦ રૂપિયાનો સિક્કો હોય તો તમને પૈસા અપાવીશું કહી પુજામાં ૬૪૦૦ રૂપિયા મુકાવ્યા હતા. એક લાખ રૂપિયા મુકો તો ૧૦ લાખ રૂપિયા થઈ જશે કહી એક લાખ રૂપિયા ડબ્બામાં મુકાવ્યા હતા અને ૭૦ હજાર રૂપિયા વિધીના નામે લીધા હતા.

થોડા સમય બાદ ડબ્બો ખોલતા તેમાંથી ૩ નાળિયેર નિકળ્યા હતા. વડોદરા શહેરના વેમાલીમા ચ્હાની કીટલી ચલાવનારને ૧૦ રૂપિયાની મોરછાપ ચલણી નોટની પૂજા દ્વારા એકના ડબલ કરી આપવાની લાલચ આપી રૂપિયા ૨૩ લાખ લઈ આરોપીઓ રફૂચક્કર ગયા હતા. અહિ લાલચમાં આ વ્યક્તિએ અગિયાર લાખની લોન લઈને નાણા દીધા હતાં! એસીપી ક્રાઈમ એચ.એ. રાઠોડે જણાવ્યું હતું કે આરોપીઓ પાસેથી રોકડ રકમ, મોર છાપવાળી નોટો સહિત ૮.૫૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

# રેનબસેરાની મુલાકાત લેતા મ્યુ.કમિશનર

### શિયાળાની ઠંડીને ધ્યાનમાં રાખીને ચલાવવામાં આવી સ્પેશ્યલ ડ્રાઈવ





રાજકોટ, તા. ૨૦

રાજકોટમાં એક નહીં અનેકવિધ જગ્યાઓ પર નિરાશ રીત લોકો વસવાટ કરી રહ્યા છે ત્યારે તેમને યોગ્ય સ્થાન મળી રહે અને આશ્રય મળી રહે તે માટે સરકાર દ્વારા રેન બસેરા ઉભા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે પરંતુ અત્યાર સુધી રેન બસેરામાં અનેકવિધ થતી જોવા મળી હતી અને તે મુજબના દ્રશ્યો સામે આવ્યા હતા ત્યારે સાચી વાસ્તવિકતા શું છે તે ચકાસવા અને તે જોવા નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાય રાજકોટના રેન બશેરાની મુલાકાત લીધી હતી અને એક વિશેષ ઝુંબેશ શરૂ કરવા માટે પ્રોજેક્ટ શાખાને આદેશ કર્યો હતો.

રાજકોટ મહાનગરપાલિકાના શાળા નં.૧૦ પાસે અને મરચા પીઠ ખાતે આવેલ આશ્રય સ્થાન (રેનબસેરા)ની મુલાકાત લેતા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા

શિયાળાની ઠંડીને ધ્યાનમાં રાખીને સ્પેશ્યલ ડ્રાઈવ કરી ઘરવિહોણા લોકોને આશ્રયસ્થાનમાં ખસેડવા મ્યુનિસિપલ કમિશનર દ્વારા સૂચના આપવામાં આવી હતી.

હાલ શિયાળાની ઋતું હોય ઘરવિહોણા લોકોને આશ્રયસ્થાનનો લાભ લેવા તથા શહેરીજનોને પણ પોતાના વિસ્તારની આસપાસ, મુખ્ય માર્ગો કે અન્ય કોઈપણ જગ્યાએ ઘરવિહોણા લોકો જોવા મળે તો આશ્રયસ્થાનની જાણકારી આપવા તેમજ આશ્રયસ્થાનના સંચાલકના સંપર્ક નંબર પર જાણકારી આપવા અનુરોધ કરવા જણાવાયું હતું. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરમાં ઘરવિહોણા લોકોને આશ્રય મળી રહે તે હેતુથી દિનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન યોજના રાજકોટ શહેરમાં આશ્રયસ્થાન (રેનબસેરા) કાર્યરત છે. આ તકે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ શાળા નં.૧૦ પાસે અને મરચા પીઠ ખાતે આવેલ આશ્રય સ્થાન (રેનબસેરા)ની મુલાકાત લીધી હતી.

મુલાકાત દરમ્યાન મ્યુનિસિપલ કમિશનરએ ઘરવિહોણા લોકોને આશ્રયસ્થાન ખાતે આપવાની આવતી સુવિધા અંગે માહિતી મેળવી હતી તેમજ મ્યુનિસિપલ કમિશનરે આશ્રિતો સાથે સંવાદ કરી વ્યવસ્થા અંગે માહિતી મેળવી હતી. શિયાળાની ઠંડીને ધ્યાનમાં રાખીને સ્પેશ્યલ ડ્રાઈવ કરી ઘરવિહોણા લોકોને આશ્રયસ્થાનમાં ખસેડવા મ્યુનિસિપલ કમિશનરએ સંબંધિત અધિકારીને સુચના આપી હતી.

આ આશ્રયસ્થાનોમાં ઘરવિહોણાં લોકોને રહેવાની નિઃશુલ્ક પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

તેમજ સંચાલક સંસ્થાઓ દ્વારા અન્ય NGOનાં સહયોગથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. તમામ આશ્રયસ્થાનોમાં સ્ત્રી અને પુરૂષ વિભાગની અલાયદી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ ઉપરાંત આશ્રયસ્થાનમાં આશ્રય લેનાર લાભાર્થીઓની આરોગ્ય ચકાસણી, બાળકો માટે આંગણવાડી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં માધ્યમથી શિક્ષણ ની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવે છે.

હાલ શિયાળાની ઋતું હોય ઘરવિહોણા લોકોને આશ્રયસ્થાનનો લાભ લેવા તથા શહેરીજનોને પણ પોતાના વિસ્તારની આસપાસ, મુખ્ય માર્ગો કે અન્ય કોઈપણ જગ્યાએ ઘરવિહોણા લોકો જોવા મળે તો આશ્રયસ્થાનની જાણકારી આપવા તેમજ આશ્રયસ્થાનના સંચાલકના સંપર્ક નંબર પર જાણકારી આપવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવે છે. આશ્રય સ્થાન ખાતે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સાથે નાયબ મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી, મેનેજર કાશ્મીરા વાઢેર, દિપ્તીબેન તેમજ આશ્રય સ્થાનના સંચાલક ઉપસ્થિત રહ્યા હતા.

# એક્સપાયરી ડેટ તથા બેચ નંબર દર્શાવ્યા વગરનો ૧૭૫ કિલો જથ્થો કર્યો નાશ

### ડી.કે ગૃહ ઉદ્યોગ સહિત અનેક જગ્યાઓ પર આરોગ્ય વિભાગના દરોડા

રાજકોટ, તા. ૨૦

રાજકોટ મહાનગરપાલિકાના અનેકવિધ વિભાગો હાલ વિવિધ ક્ષેત્રે તમારી બોલાવી રહ્યા છે ત્યારે ગઈકાલે આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા જેમાં કુલ ૧૭૫ કિલો અખાદ્ય જથ્થો નાશ કરવામાં આવ્યો હતો લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા ન થાય તે માટે હાલ તમામ પ્રકારના પગલાઓ લેવામાં આવી રહ્યા છે જે વાતની ગંભીરતાને ધ્યાને લઈને જ હાલ આરોગ્ય વિભાગ દ્વારા દરોડા પાડવામાં આવે છે અને રાજકોટના વિવિધ વિસ્તારોમાં જે ફૂડ વિક્રેતાઓ છે તેમના પર તવાઈ બોલાવવામાં આવી રહી છે. મહાનગરપાલિકા છેલ્લા ઘણા સમયથી ઝુંબેશ ચલાવી રહી છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી પરંતુ મહત્વનું એ છે કે આજે પણ હજુ જે વેપારીઓએ ગંભીરતા દાખવી જોઈએ તે દાખવવામાં આવતી નથી અને પરિણામ સ્વરૂપે લોકોનું સ્વાસ્થ્ય જોખમાય છે જે ન થાય તે માટે હવે તીવેકથી આ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. વિવિધ પેઢી ધારકો ઉપર સર્વેન્સ ચેકિંગ પણ કરવામાં આવી રહ્યું છે જેથી તેઓ જે માલ લોકોને આપે છે તે આખાદ્ય છે કે કેમ તેની પણ પુષ્ટિ થઈ શકે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન જય પ્રકાશનગર -૧, ભગવતીપરા મેઈન રોડ, રાજકોટ મુકામે આવેલ ''ડી. કે. ગૃહ ઉદ્યોગ'' પેઢીની તપાસ કરતા સ્થળ પર વેચાણ માટે સંગ્રહ કરેલ મેન્યૂફેકચર ડેટ, એક્સપાયરી ડેટ તથા બેચ નંબર દર્શાવ્યા વગરનો ફાઈમ્સનો જથ્થો વાસી અખાદ્ય અંદાજીત ૧૭૫ કિ. ગ્રા. જથ્થો મળી આવતા સ્થળ પર નાશ કરવામાં આવેલ તેમજ પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા બાબતે તથા ફૂડ લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ તથા ઋઋઠ વાન સાથે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ગોંડલ ચોકડી થી માધાપર ચોકડી તથા સંત કબીર રોડ થી પ્રધ્યુમન પાર્ક ગેટ સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૬ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૯ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપી અવેરનેસ ડ્રાઇવ કરવામાં આવેલ. તેમજ ખાદ્યચીજોના કુલ ૧૨ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ. મનોહર, શરણેશ્વર રેસ્ટોરેન્ટ, શિવ ગાંઠિયા, અક્ષર ગાંઠિયા , મહિરાજ કાઠિયાવાડી, ત્રિલોક નાસ્તા સેન્ટર, વાસંગી ડેરી ફાર્મ , જય ખોડલ ડીલક્સ, ખેતલાઆપા ટી સ્ટોલને લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ. તથા ભગવતી સોડા શોપ , બજરંગ પાણીપૂરી, ભેરુનાથ પાણીપુરી, બાલાજી પાન કોલ્ડ્રિંક્સ, શક્તિ સહયોગ પાન, સતી સાગર કોલ્ડ્રિંક્સ,



સતી સાગર સેલ્સ એજન્સીની ચકાસણી કરવામાં આવી હતી. ફુડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ હેઠળ કુલ ૦૪ નમૂના લેવામાં આવ્યા હતા. જેમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિર કાલાવડ રોડ ની બાજુમાં મોહનથાળ મીઠાઈ તથા મગસનું સેમ્પલ લેવામાં આવ્યું હતું. જ્યારે બીજી તરફ સ્વામિનારાયણ ગુરુકુળ ઢેબર રોડ પાસે મગજના લાડુ તથા અડદિયા લુઝ તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.

### ઈન્સ્ટાગ્રામ સર્ચ કરતાં જાહેરાત દેખાઈ અને બિઝનેસમેન યુવાન લાલચની જાળમાં આવી ગયો

# શેરબજારમાંછસ્સોટકારીટર્નનીલ્હાયમાંબાંસઠલાખગુમાવ્યા!

### બીજા કિસ્સામાં ખેડૂતને ગઠીયાએ ફોન કરી-ઓસ્ટ્રેલિયામાં તમારો દિકરો રેપ કેસમાં ફસાયો છે, દંડ ભરવાથી છુટી જશો કહી સાડા ત્રણ લાખ પડાવી લીધાઃ વિચાર્યા વગર નાણા ટ્રાન્સફર કરી પછી દિકરાને ફોન કરતાં તેણે કહ્યું-હું તો ક્યાંય ફસાયો નથી!

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

રાજકોટઃ અલગ અલગ લાલચો આપીને લોકોને ધૂતી લેતાં ગઠીયાઓએ વધુ બે કિસ્સામાં ઓનલાઈન ફ્રોડથી લાખો ઉસેડી લીધા છે. જેમાં એક યુવાનને શેર બજારમાં છસ્સો ટકા રિટર્નનની લાલચ આપી બાંસઠ લાખની ઠગાઈ કરવામાં આવી છે. બીજા બનાવમાં ઓસ્ટ્રેલીયા ભણતો તમારો પુત્ર દૂષ્કર્મના કેસમાં આવી ગયો છે, તેને છોડાવવા માટે પેનલ્ટી ભરવી પડશે તેવો ફોન ગઠીયાઓએ ખેડૂતને કરી તેની પાસેથી રૂપિયા પડાવી લીધા હતાં.

ફ્રોડની પ્રથમ ઘટના પર નજર કરીએ તો ઓનલાઈન શેર માર્કેટમાં ઈન્વેસ્ટ કરશો તો ૬૦૦ ટકા પ્રોફિટ મળશે તેવી લાલચ આપીને બિઝનેસમેન પાસેથી ઠગોએ રૂા. ૬૨.૪૭ લાખ પડાવી લીધા હતા. આમાંથી માત્ર ૪૭ હજાર રૂપિયા જ વિડ્રો કરી આપ્યા હતા જ્યારે બાકીના રૂપિયા ઉપાડવા હોય તો બીજા રૂપિયા ભરવા પડશે તેમ કહ્યું હતું. આમ ઠગોએ રૂપિયા ૬૨ લાખ પરત નહીં આપીને બિઝનેસમેન સાથે ઠગાઈ આચરતા તેઓએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં કરિયાદ નોંધાવી છે. વડોદરા શહેરના અલકાપુરી વિસ્તારમાં જેતલપુર રોડ ઉપર આવેલા કાશી વિશ્વેશ્વર ટાઉનશિપમાં રહેતા યુવાને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે હાલમાં હું બંસલ સુપર માર્કેટની ફ્રેંચાઇઝી ચલાવી મારું તથા મારા પરિવારનું ગુજરાન ચલાવું છું. હું મારા ઘરે હતો અને મોબાઈલમાં ઈન્સ્ટાગ્રામ પર સર્ચિંગ કરી રહ્યો હતો. ત્યારે મને એક જાહેરાત દેખાઈ હતી.

જેમાં તે લોકો ઈન્વેસ્ટમેન્ટ રિલેટેડ કામ કરતાં હતા. જેમાં ૬૦૦ ટકા રીટર્ન આપવા બાબતેની જાહેરાત હતી. જેથી તે જાહેરાત પર ક્લિક કરતાં તેમાં એક મોબાઈલ નંબર હતો અને તે મોબાઈલ નંબર ઉપર ફોન કરતાં ફોન લાગ્યો ન હતો અને તરત સામેથી તેમનો મને મારા વોટ્સેપ નંબર પર મેસેજ આવ્યો હતો. જે મેસેજ અંગ્રેજીમાં હતો જેમાં એક લિંક હતી. જે વાચતા તેમાં નિલેશ લોડાયાસ આસીસ્ટન્ટ એવુ લખેલુ હતું. તેમજ અમે લોકોને બલ્કમાં શેર ખરીદાવીએ છીએ અને તેમાં તમને સારો એવો -ોફિટ મળે છે. જો તમે ઈનવેસ્ટ કરવા માંગતા હોય તો અમારી મોકલેલ લિંક પર કિલક કરો. જેથી મે મેસેજમાં આવેલ લિન્ક પર કિલક કરતાં તેમાં એક ઓપ્શન આવેલ હતો. જેમાં મે એક સિલેક્ટ કર્યા બાદ એપ્લીકેશન ખુલી હતી. જેમાં એકાઉન્ટમાં જઈ ઈન્વિટેશન કોડ નાખ્યા બાદ રજીસ્ટ્રેશન થઈ ગયું હતુ અને મને એક ગ્રુપમાં એડ કરેલ હતો. જે ગ્રુપમાં ૪ એડમીન અને ૧૪૫ જેટલા મેમ્બર હતા તેમજ અજય અગ્રવાલ એક્સક્લુઝિવ ગાઈડન્સ ગ્રુપ-૫૧ હતું જેમાં મારી સાથે ૪ મેમ્બર હતા. એપ્લીકેશન ઓપન થયા બાદ મને એક બેન્ક એકાઉન્ટ નંબર




આપ્યો હતો. જેમાં ૫૦૦૦ મે જમા કરાવેલ હતા પરંતુ વોટ્સએપ મેસેજમાં સામાવાળાએ મેસેજ કરી જણાવેલ કે, આ કોર્પોરેટ કામ છે તેમાં આટલી નાની એમાઉન્ટના ચાલે જો તમારે ઓછા રૂપિયાથી ઈન્વેસ્ટમેન્ટ કરવુ હોય તો તમે બીજી એપ્લિકેશન કે બીજા કોઈ સાથે ઈન્વેસ્ટમેન્ટ કરી શકો છે. અમારી સાથે કામ કરવું હોય તો ઓછામાં ઓછા રૂા. ૧,૦૦,૦૦૦થી ઈન્વેસ્ટમેન્ટની રશરૂઆત કરવી પડશે મને સારો એવો -ોફીટ આપવાનું મેસેજમાં જણાવી મને તેઓના અલગ અલગ બેંક એકાઉન્ટ મોકલી શેરમાર્કેટના અલગ અલગ પ્લાન ખરીદવા માટે રૂપીયા ભરવા જણાવ્યુ હતું. જેથી તેમના મેસેજો વાચી અને સારો એવો પ્રોફિટ મળવાની લાલચમાં આવી મે મારા તેમજ મારા કંપનીના ૩ એકાઉન્ટમાંથી તેઓના જણાવેલ બેંક ખાતામાં ટુકડે ટુકડે કરી રા.૬૨.૪૭ લાખ ટ્રાન્સફર કર્યા હતા.

ત્યારબાદ શરૂઆતમાં ૪૭ હજાર જેટલી માતબર રકમ પરત કરી હતી અને મારે બીજા રૂપિયા વિડ્રો કરવા જતાં વિડો થતાં ના હતા અને મારા ઈન્વેસ્ટમેન્ટના તેમજ પ્રોફિટના પૈસા વિડો કરવા માટે પૈસાની માંગણી કરતાં તેઓએ મને જણાવેલ કે આવી રીતે પ્રોફીટ કાપીને તમારા ઈન્વેસ્ટ કરેલ રૂપિયા પરત નહી થાય.

સેબીના નિયમ મુજબ તમે બીજા રૂપિયા ભરશો તો જ તમારા રૂપિયા તમે વિડ્રો કરી શકશો તેમ જણાવ્યુ હતું. ઠગોએ બાંસઠ લાખ પરત નહીં કરીને મારી સાથે ઠગાઈ કરી હોવાનો અહેસાસ થયો હતો. સાયબર ક્રાઈમ પોલીસે મારી ફરિયાદના આધારે ઠગોની શોધખોળ હાથ ધરી છે. તેમ વધુમાં ભોગ બનનારે કહ્યું હતું.

ઠગાઈની બીજી ઘટનામાં ખેડા જિલ્લામાં સાયબર ક્રાઈમના બનાવો વધી રહ્યા છે. તાજેતરમાં મહુધાના મહિસાનો કિસ્સા ઉજાગર થયો હતો. તે બાદ આજે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. જેમાં ઓસ્ટ્રેલિયા પોલીસની ખોટી ઓળખ આપી ખેડૂત પાસેથી રૂપિયા સાડા ત્રણ લાખ પડાવી લીધા છે. આ ખેડૂતને ગઠિયાએ કહ્યુ કે, તમારો પુત્ર દુષ્કર્મના કેસમાં પકડાયેલ છે તેને છોડાવવા પેનલ્ટી પેટે રૂપિયા ભરવા પડશે. તેમ જણાવી ૩ લાખ રૂપિયા તેમના ખાતામાંથી અને પચાસ હજાર ખેડૂતના ભત્રીજાના ખાતામાંથી મળી કુલ રૂપિયા ત્રણ લાખ પચાસ હજાર પડાવી લીધા હતાં.

ગોવિંદભાઈ પટેલ પોરડા ગામે ગોવિંદભાઈ પટેલ બેસણાંમાં ગયા હતા. ત્યારે અજાણ્યા નંબર પરથી તેમને કોઈ વ્યક્તિનો વોટ્સએપ પર કોલ આવ્યો હતો. જેમાં આ વ્યક્તિએ હિન્દીમાં વાતચીત કરતા પોતાની ઓળખ ઓસ્ટ્રેલિયા પોલીસ ઓફિસર તરીકે આપી હતી.

આ બાદ આ વ્યક્તિએ કહ્યું કે, તમારો દિકરો ઓસ્ટ્રેલીયામા રહે છે? જેથી ગોવિંદભાઈએ હા પાડતા આ વ્યક્તિ કહ્યું કે-અમારા ઓસ્ટ્રેલિયા દેશમાં તમારા દીકરો બળાત્કારના કેસમાં પકડાયેલ છે. જેથી તેને છોડવા માટે તમારે તમારા દીકરાની પેનલ્ટી પેટે રૂપિયા ૧.૫૦ લાખ ભરવા પડશે. જેથી ગભરાયેલા ગોવિંદભાઈએ કઈ પણ વિચાર્યા વગર રૂપિયા ૧.૫૦ લાખ એકાઉન્ટ પર એનઈએફટી કરી દીધા હતા. બાદમાં આ વ્યક્તિ કહ્યું કે ભારતીય કરન્સી મુજબ નહીં ઓસ્ટ્રેલિયા કરન્સી મુજબ નાણાં ભરવાના છે તેમ કહી બીજી વખત રૂપિયા ૧.૫૦ લાખ ગોવિંદભાઈ પાસેથી મેળવ્યાં હતા. ત્યારબાદ વધુ રૂપિયાની માગણી કરી હતી અને કહેલ કે, તમારે વધુ રૂપિયા જમા કરાવવા પડશે નહીં તો તમારા પુત્રને છોડીશું નહીં. તેમ કહી ગભરાવી દીધા હતા. આથી ગોવિંદભાઈ પટેલે પોતાના ભત્રીજાના ખાતામાંથી રૂપિયા ૫૦ હજાર ગુગલ પે થી મોકલેલા હતા. ગોવિંદભાઈ પટેલના ભત્રીજાએ ખરાઈ કરવા પોતાના પિતરાઈ ભાઈ ચિરાગને ફોન કરતા આવુ કાઈ થયું ન હોવાનું ચિરાગે જણાવ્યું હતું. આથી ગોવિંદભાઈએ તુરંત સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન નંબર પર અને એ બાદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ધ ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળ રાજ્યની ૮૦૦૦ સંસ્થાઓએ કરાવ્યું કાયમી રજીસ્ટ્રેશન

# સરકારી ૨૮૦૦ અને ખાનગી ૫૨૦૦ આરોગ્ય સંસ્થાઓની નોંધણી

## ૬૫૩૬ એલોપેથી, ૫૪૩ આયુષ હોસ્પિટલ્સ, ૯૧૦ હોમિયોપેથી , ૭૭ ડેન્ટલ ક્લિનીક, ૧૦૮ ઇ.એસ.આઇ.સી. હોસ્પિટલ્સનો સમાવેશ

રાજકોટ, તા. ૨૦

રાજ્યની તમામ હોસ્પિટલ સહિતની આરોગ્ય સેવાઓ આપતી સંસ્થાઓ અને ડાયગ્નોસ્ટિક લેબ માટે ધ ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ-૨૦૨૪ અંતર્ગત રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. જેના ભાગરૂપે જ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તા. ૧૨ મી માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ હોસ્પિટલ્સ એ આ અધિનિયિમ હેઠળ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું છે. અત્યાર સુધીમાં તા. ૨૦ ડિસેમ્બર ૨૦૨૪ ની સ્થિતિએ રાજ્યની ૭૯૮૯ આરોગ્ય સંસ્થાઓએ કાયમી રજીસ્ટ્રેશન કરાવ્યું છે.જેમાં ૨૮૧૬ સરકારી, ૫૧૭૩ ખાનગી આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે. જેમાં ૬૫૩૬ એલોપેથી, ૫૪૩ આયુષ હોસ્પિટલ્સ, ૯૧૦ હોમિયોપેથી , ૭૭ ડેન્ટલ ક્લિનીક, ૧૦૮ ઇ.એસ.આઇ.સી. હોસ્પિટલનો છે. ૫૦ થી ઓછી પથારી ધરાવતી ૭૬૦૭ અને ૫૦ થી વધુ પથારી ધરાવતી ૩૨૬ હોસ્પિટલ્સે અત્યારસુધીમાં આ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવી લીધું છે.

રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરે ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટની ડિજિટલ રજિસ્ટ્રી સ્થાપિત કરવી ખુબ જ જરૂરી છે. રજીસ્ટ્રેશન સિસ્ટમ દાખલ કરીને અયોગ્ય પ્રેક્ટિશનરો દ્વારા ઊંટવૈદું રોકી શકાશે. જે હેતુથી જ રાજ્યની તમામ આરોગ્ય સંસ્થાઓનું રજીસ્ટ્રેશન ફરજીયાત કરાયું છે. આ અધિનિયમની કડક અમલવારીના પરિણામે ઉપચાર પધ્ધતિ પર અસરકારક નિયમન તશે તેમજ હિતધારક ભાગીદારી અને ઉપચાર પદ્ધતિઓ દ્વારા આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધરશે. કાયદા હેઠળ, નોંધણી ફરજીયાત છે અને માન્ય તબીબી પદ્ધતિઓ માટે જ મંજૂર છે. જે તાત્કાલિક આરોગ્ય પરિસ્થિતિઓમાં વધુ સારા સંચાલન અને નોંધણીમાં સુધારો લાવશે.



**૫૦ થી ઓછી પથારી ધરાવતી ૭૬૦૭ અને ૫૦ થી વધુ પથારી ધરાવતી ૩૨૬ હોસ્પિટલ્સે અત્યારસુધીમાં થઇ નોંધણી**

આ એક્ટ અંતર્ગત તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ, ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. ક્લિનિક સંસ્થાઓના તમામ પ્રકારની ઉપચારાત્મક અને ડાયગ્નોસ્ટિક સેવાઓ માટે પણ રજીસ્ટ્રેશન ફરજીયાત છે.એલોપેથી, આયુર્વેદિક, હોમિયોપેથી, સિધ્ધ અને યુનાની જેવી સેવાઓ આપતી તબીબી સંસ્થાઓએ પણ રજીસ્ટ્રેશન ફરજીયાત પણ કરાવવું.આ એક્ટ હેઠળ ક્લિનિક/કન્સલ્ટિંગ રૂમ/પોલીક્લિનિક ઉપરાંત ૧૫ બેડ થી લઇ ૧૦૦ થી વધુ પથારીઓ ધરાવતી હોસ્પિટલ્સમાં બેડ પ્રમાણે તબક્કાવાર નોંધણી તેમજ સ્ટેન્ડઅલોન લેબ/ અન્ય ડાયગ્નોસ્ટિક યુનિટમાં પણ નિયત ફી ભરીને રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજીયાત છે.

**પ્રમાણપત્ર વિના કાર્યરત કોઇપણ આરોગ્ય સંસ્થાઓ માટે રૂ. ૫ લાખ સુધીના દંડથી લઇ સીલ મારવા સુધીની જોગવાઇ**

ઉપર દર્શાવેલ તમામ કેટેગરીની આરોગ્ય ક્ષેત્રે સેવાઓ આપતી સંસ્થાઓએ કામચલાઉ / કાયમી ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે જરૂરી પ્રમાણપત્રો લેવા ફરજીયાત છે. પ્રમાણપત્ર વિના કાર્યરત આમાંથી કોઇપણ આરોગ્ય સંસ્થાઓ માટે રૂ. ૧૦ હજાર થી ૫ લાખ સુધીના દંડની તેમજ સંસ્થાને સીલ મારવા સુધીની જોગવાઇ છે.

અત્રે નોંધનીય છે કે, આ એક્ટ હેઠળ કોઈ માન્યતાપ્રાપ્ત ચિકિત્સા પદ્ધતિ દ્વારા માંદગી, ઈજા, શારીરિક ખોડ, અથવા સગર્ભાવસ્થા માટે નિદાન, સારવાર અથવા સંભાળ રાખવા માટેની જરૂરી તબીબી સેવાઓ પૂરી પાડતા હોય તેવા, હોસ્પિટલ, પ્રસૂતિગૃહ, નર્સિંગ હોમ, ડિસ્પેન્સરી, ક્લિનિક, સેનિટોરિયમનો સમાવેશ થાય છે.



તદ્ઉપરાંત રોગોના નિદાન અથવા તેની સારવાર માટે લેબોરેટરી અથવા અન્ય તબીબી સાધનોની મદદથી જ્યાં પેથોલોજિકલ, બેક્ટેરિયોલોજી, જેનેટિક, રેડિયોલોજિકલ, રાસાયણિક, જૈવિક તપાસ અથવા અન્ય રોગનિદાન સેવાઓ આપવામાં આવતી હોય અને જે સરકાર અથવા સરકારના વિભાગ, જાહેર અથવા ખાનગી ટ્રસ્ટ, કેન્દ્રીય, પ્રાંતીય (પ્રોવિન્શિયલ) અથવા રાજ્ય અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલું, સરકારની માલિકીનું હોય અથવા ન હોય તેવું (મંડળી સહિતનું) કોર્પોરેશન, સ્થાનિક સત્તામંડળ અને, કોઈ ડોક્ટરની માલિકીની અથવા તેના દ્વારા નિયંત્રિત અથવા સંચાલિત ચિકિત્સા સંસ્થાઓ હોય તેને આ એક્ટની જોગવાઈ લાગુ પડે છે.



રાજકોટ મિરર
તંત્રીની કલમે

# સમય એક્શનનો થાય છે ચિંતન!

## ક્રાઈમ કોન્ફરન્સ : માત્ર રણનીતિથી રણ જીતાતું નથી, લડવૈયામાં દમ જરૂરી



રાજકોટ સૌરાષ્ટ્રની રાજધાની જેવું છે. ડીજીપી સહિતના ગુજરાતના ટોચના પોલીસ અધિકારીઓ રાજકોટમાં હતા. આ સમયે પણ રાજકોટ - સૌરાષ્ટ્રમાં ગુન્હાખોરીએ વિરામ લીધો ન હતો. બાળકોને પણ પૂછશો તો કહી દેશે કે ગુજરાતમાં કાયદાનો ડર નથી રહ્યો અને પોલીસની ધાક નથી રહી.

ક્રૂર પ્રકારની ગુનાખોરી ભયજનક હદે વધી ગઈ છે. ઉડતા ગુજરાત જેવો માહોલ બની ગયો છે. આ સમય પરિણામલક્ષી એક્શનનો છે, પણ તંત્ર રૂટીન ચિંતનમાં જ વ્યસ્ત હોય તેવો માહોલ છે.

ગઈકાલે રાજકોટમાં પ્રથમ વખત ક્રાઈમ કોન્ફરન્સ યોજાઇ હતી. ગુજરાતના ડીજીપી ઉપરાંત રાજકોટ, સુરત, વડોદરા, અમદાવાદના પોલીસ કમિશનરો ઉપસ્થિત રહ્યા હતા. સાંજ સુધી ચાલેલી બેઠકમાં ગુજરાતમાં ગુનાખોરી ઘટાડવા અંગે પ્લાનિંગ થયું હતું.

પ્લાનિંગ એટલે રણનીતિ, રણ નીતિમાં જંગના દાવ પેચો ઉપરાંત વિરોધીઓ પર મનોવૈજ્ઞાનિક દબાવ સર્જવા અંગે આયોજન થતું હોય છે. ગુન્હાખોરોને મનથી ઉર્જાહીન કરી દેવા એ પણ મહત્વનું કદમ ગણાય. એક્શન પ્લાનિંગ-રણનીતિમાં આવું બધું થતું હોય છે.

જંગમાં રણનીતિ મહત્વનો ભાગ ભજવે છે પણ પ્લાનિંગને પાર પાડવાનું કામ લડવૈયા જ કરતા હોય છે. ગુજરાત પોલીસમાં લડવૈયા કેવા છે ? ક્રાઈમ કોન્ફરન્સ પૂર્વે અમદાવાદમાં ગુંડાતત્વોએ તલવાર દેખાડતા પોલીસ ભાગી ગઈ હતી. રાજકોટમાં પણ ભૂતકાળમાં વિચિત્ર દ્રશ્યો જોવા મળ્યા હતા. પોલીસ માર ખાય. ભાગી જાય એ સામાન્ય બન્યું છે.

ગુન્હાખોર માનસિકતા પર પોલીસની ધાક હોવી જોઈએ તેને બદલે પોલીસ પર ગુન્હાખોરોએ ધાક જમાવી દીધી છે. સામાન્ય પોલીસ કર્મચારીઓ, કોન્સ્ટેબલની દશા કફોડી છે. ગુનાખોરો સામે આકરા બને તો ''ઉપરથી'' ફોન આવવા લાગે છે. ગુન્હાખોરો સામે નરમી રાખે તો સ્વમાન હણાય છે.

ઊંડાણથી અભ્યાસ કરો તો ગુજરાતની સ્થિતિ ગંભીર જણાશે. ગુજરાતના ખૂણે ખૂણે પરપ્રાંતીય અને વિધર્મી શંકાસ્પદ નેટવર્ક ધમધમી રહ્યું છે.

ક્રૂર અને નશાખોરીના ગુન્હાખોરોનો અભ્યાસ કરો તો ખ્યાલ આવશે કે ચોક્કસ તત્વોએ સમગ્ર રાજ્યમાં રીતસર ભરડો લીધો છે. આ બાબતથી તંત્ર અજાણ હોય તેમ માની જ ન શકાય.

છેલ્લા દસેક વર્ષથી ગુજરાતમાં શંકાસ્પદ હલચલ વધી ગઈ છે. આ સામે ગુજરાત વ્યાપી કોઈ જ રણનીતિ દેખાતી નથી. તંત્રના કારણે શાસનને બદનામી ભોગવી પડે છે.

રાજકોટમાં યોજાયેલી ક્રાઈમ કોન્ફરન્સ ચિંતનથી આગળ વધીને પરિણામ લક્ષી એક્શન સુધી પહોંચે તેવી શુભેચ્છા છે. પોલીસ તંત્રને સંનિષ્ઠ, શક્તિશાળી, સ્વતંત્ર અને સ્થિતિ સુધારતું બનાવવું જરૂરી છે.

પોલીસને પણ પીઠબળની જરૂર છે. નિષ્ઠાવાન, પ્રામાણિક પોલીસ અધિકારીઓ વધારે પરેશાન થાય છે. એ સૌથી ખરાબ સિસ્ટમ ગણાય. સાચા છે તેને સારા કહેવા દો તો પણ ઘણું.


|| પ્રેમભકિતના હસ્તાક્ષરે ||

થાક દરેક વ્યક્તિને લાગે છે વાલા
કોઈકને જિંદગીથી, કોઈને સંબંધોથી,
તો કોઈકને જવાબદારીઓથી
અહીં પ્રત્યેક વ્યક્તિ થાકેલો છે.
પોતાની નૈતિક ફરજો થી.
ઝૂમતા નહીં આવડે તો ચાલશે,
પણ ઝઝુમીયા વગર તો
છૂટકો જ નથી.



શાસ્ત્રી ભક્તિપ્રકાશ દાસજી
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ મેંદરડા / ખીરસરા

પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા


# ડો. બાબા સાહેબ આંબેડકરનાં નામે ધક્કામુક્કી, શરમ કરો ....

### જેમણે વિશ્વનું શ્રેષ્ઠ બંધારણ આપવામાં મહત્વની ભૂમિકા ભજવી એમના નામ પર અંધાધુંધી થઇ રહી છે. એકબીજા પર કાદવ ઉછાળાઈ રહ્યો છે અને વાત હવે ધક્કામુક્કી સુધી પહોચે એ વાતની કોઈને શરમ નથી. અને એ બધામાં આમ આદમીને પીડતા મુદ્દા હાંસિયામાં ધકેલાઈ ગયા છે. સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે સેતુ રચી શકે એવા નેતાઓ પણ ક્યાં રહ્યા છે?



ખબર ની KHABAR



કૌશિક મહેતા

લોકશાહીનાં મંદિર સંસદની અંદર બહાર જે બની રહ્યું છે એ શરમજનક છે પણ જે લોકો આ સંસદની ગરીમાને હાની પહોચાડી રહ્યા છે એમને એની કોઈ શરમ નથી. આપણે જેની ચૂંટીને મોકલ્યા છે એમના કૃત્ય પર આપણે ગૌરવ લઇ શકીએ એવી ઘટના બનવી ઘટતી જ જાય છે. આજે સંસદમાં ૪૦ ટકાથી વધુ એવા સાંસદ છે કે જેમની સામે ગંભીર ગુના નોધાયેલા છે. અને હવે જેમના નામે વિશ્વના શ્રેષ્ઠ બંધારણ ઘડવાનો યશ લખાયો છે એ ડો. ભીમરાવ આંબેડકરનાં નામે રાજકારણ ખેલાઈ રહ્યું છે અને એ ય વરવું રાજકારણ.

આ રાજકારણીઓએ આપણા માટે સુંદર વારસો છોડી ગયા એ બધા નેતાઓને નીચા દેખાડવાના બધા પ્રયત્નો થઇ રહ્યા છે. એમનો વારસો અમારો છે, આપનો નથી એવું પુરવાર કરવા દંગલ કરી રહ્યા છે. સરદાર પટેલ અમારા છે, તમારા નહિ. એ હુંસાતુંસી તો ચાલતી જ આવી છે. મહાત્મા ગાંધી માટે પણ એવા પ્રયત્નો થયા પણ એમાં સફળતા કોઈને હજુ સુધી મળી નથી. નહેરુ ભાજપ માટે રાજકીય મુદો બનીને રહી ગયો છે. અને હવે બધાના હાથમાં આંબેડકર આવી ગયા છે. છેલ્લા થોડા વર્ષોથી આ આંબેડકરનાં નામે મત બેંક ઉભી કરવાના પ્રયાસો થઇ રહ્યા છે.

આંબેડકરે ભારતનું બંધારણ બનાવ્યું અને એમની સાથે ટીમ હતી પણ આ કામ થયું એ બેનમૂન છે. અને એના કારણે આપણને જે અધિકારો મળ્યા છે એ ય બેમીસાલ છે. નરેન્દ્ર મોદી ગુજરાતમાં હતા ત્યારે એમણે બંધારણ યાત્રા કાઢી એક દાખલો બેસાડ્યો હતો અને એ દિલ્હી ગયા પછી અનેકવાર કહી ચુક્યા છે કે, આંબેડકરનાં કારણે એ વડાપ્રધાન બની શક્યા કારણ કે, બંધારણે બધાને સરખા હક પ્રદાન કર્યા છે. કોંગ્રેસ આક્ષેપ કરી રહી છે કે, ભાજપ અને મોદી સરકાર બંધારણમાં ફેરફાર કરી આંબેડકરનું અપમાન કરવા માગે છે. પણ બંને પક્ષે આંબેડકરના અપમાન કર્યા છે. આંબેડકરે નહેરુ કેબીનેટમાંથી રાજીનામું શા માટે આપવું પડ્યું એ બધા જાણે છે. કોંગ્રેસ અને ભાજપે બંનેએ આંબેડકરને અન્યાય કર્યો છે. કોગ્રેસે છેલ્લી કેટલીક ચૂંટણીઓમાં અનામતનાં મુદે રાજકીય લાભ મેળવ્યો છે. અને એ પછી ભાજપ આ મુદે આક્રમક બન્યો છે અને આંબેડકરને એ વધુ સન્માન આપે છે એવું પુરવાર કરવા કોંગ્રેસને નીચી દેખાડે છે.પણ ગૃહ મંત્રી સંસદમાં પોતાના પ્રવચન દરમિયાન આંબેડકરના ઉલ્લેખ સાથે જે બોલ્યા એ વિવાદ સર્જે એ સ્વાભાવિક છે. આજના તળિયે ગયેલા રાજકીય માહોલમાં આવો મુદો મળે તો કોઈ પણ રાજકીય પક્ષ એનો લાભ ખાટવા તત્પર હોય જ. કોંગ્રેસ સહીત બધા વિપક્ષે આ વાતને મુદો બનાવ્યો અને અમિત શાહ માફી માગે એવી માગણી કરતા રાજકારણ ગરમાયું છે. અમિત શાહે કહ્યું કે, મારા નિવેદનને તોડી મરોડી રજુ કરાયું છે. પણ ભાજપ આ તકે ભૂલી જાય છે કે, અગાઉ વિપક્ષના નેતાઓના નિવેદનોને અનેકવાર તોડી મરોડી રજુ કરાયા છે અને એનો રાજકીય લાભ ખાટવા પ્રયત્નો થયા છે. આવા કિસ્સાઓની યાદી લાંબી થઇ શકે એમ છે. આજના રાજકારણમાં અને સોશિયલ મીડીયાના જમાનામાં આવું કરવું બહુ સરળ અને સહજ બની ગયું છે. આવું ના થવું જોઈએ પણ આજે તમે ક્યા પક્ષ પાસે એવી ખાનદાનીની અપેક્ષા રાખી શકો એમ છે?

કોંગ્રેસે અમિત શાહના નિવેદન મુદે આખા દેશમાં અંદોલન શરૂ કર્યું છે. અને ભાજપ વળતા હુમલા કરી રહ્યો છે. આ બધામાં મમતા બેનજીર્ના પક્ષે વિશેશાધીકારની નોટીસ આપી છે અને ભાજપની બી ટીમનું લાંછન જેમના પર લાગ્યું છે એ બસપાના સુપ્રીમો માયાવતી પણ મેદાનમાં ઉતર્યા છે. એમણે કહ્યું છે કે, આ વાત નહિ ચલાવી લેવાય. કદાચ માયાવતીએ આવું કરવા મજબૂર છે કારણ કે, એમની દલિત વોટબેંક સાવ તળિયે પહોચી ગઈ છે.

પણ સવાલ સંસદમાં અંદર અને બહાર બની રહ્યું છે એનો છે. લોકસભા હોય કે રાજ્યસભામાં એક બીજા પ્રત્યે ઊતરતી ભાષાનો પ્રયોગ થાય છે. અને ખુદ અધ્યક્ષો સામે અન્યાયના આરોપો લાગે એમની સામે દરખાસ્ત આવે એવું ભાગ્યે જ બને છે. પણ એવું બની રહ્યું છે. સંસદ બહાર બન્ને પક્ષો વિરોધ પ્રદર્શન કરે અને એમાં ધક્કામુક્કી થાય અને એમાં બે સાંસદો જખમી થાય એ ઘટના વખોડવાલાયક જ છે પણ હવે એ મુદે એકબીજા પર દોષારોપણ થાય છે. બંને પક્ષે એકબીજા પર આરોપ મુક્યા છે, ફરિયાદ થઇ છે. જો કે, એની પુષ્ટિ થાય એવા વિડીયો હજુ સુધી જાહેર થયા નથી. સંસદ પર સીસીટીવી કવરેજ કેવું હોય એ સમજી શકાય છે શું ક્યાંય કોઈ કેમેરામાં શું બન્યું એ હકીકત બહાર આવી શકે એમ નથી. તપાસ થવી જ જોઈએ. કોણ દોષી છે એ જાણવાનો અધિકાર દેશને છે. નેશન વોન્ટસ ટુ નો.પણ સમસ્યા એ છે કે, સંસદ સુચારુ રીતે ચાલે એવું શક્ય બનતું નથી. કોઈના કોઈ મુદે ગતિરોધ થાય છે. તંદુરસ્ત ચર્ચા થાય એ યુગ જાણે આથમી ગયો છે. એનું કારણ એ છે કે, સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે સેતુ બની શકે એવા નેતાઓ રહ્યા નથી. બંને પક્ષે આ ખામી ખાલી રહી છે અને એમાં નુકસાન તો આમ આદમીનું જ છે. પણ અહી તો એકબીજાને ઉતારી પાડવાની હોડ મચી છે. ભૂતકાળને ઉલેચવામાં આવી રહ્યો છે અને એમાં વર્તમાન અને ભવિષ્યની વાત હાંસિયામાં ધકેલાઈ જાય છે. આજે આમ આદમી મોંઘવારી, બેરોજગારીથી પીડાય છે. દેશમાં આર્થિક અસમાનતા વધી રહી છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે જે સ્થિતિ છે એમાં સુધારો કેમ થાય એની કોઈ ચિંતા કરતું નથી. એ જ રીતે ખેતીની અવદશા થઇ રહી છે. પર્યાવરણનો મુદો ખતરનાક સ્તરે પહોચી ગયો છે. આવા મહત્વના મુદે કોઈ ચર્ચા ના થાય અને એકબીજા પર કાદવ ઉછાળ પ્રવૃત્તિ જ થયા કરે તો આમ આદમી કોની પાસે અપેક્ષા રાખે?

# સંસદનું છેલ્લું સત્ર પણ થયું સ્થગિત

## બંને ગૃહોમાં કાર્યવાહી ન થઈઃ બાબાસાહેબ આંબેડકરના કથિત અપમાન ને લઈ શરૂ થયો' તો હંગામો

રાજકોટ, તા. ૨૦

સંસદના શિયાળુ સત્ર દરમિયાન બંને ગૃહોમાં ભારે હોબાળો થયો હતો. શિયાળુ સત્રના અંત સુધીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે હોબાળો થયો હતો. આ સત્રના છેલ્લા દિવસે શુક્રવારે લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સાંસદોએ બાબાસાહેબ આંબેડકરના કથિત અપમાનને લઈને હંગામો શરૂ કરી દીધો હતો. આ પછી સ્પીકર ઓમ બિરલાએ સાંસદોને પોતપોતાની જગ્યા પર જવા કહ્યું. તેમણે કહ્યું કે રાષ્ટ્રગીત શરૂ થવાનું છે. ગૃહમાં રાષ્ટ્રગીત બાદ લોકસભાની કાર્યવાહી મુલતવી રાખવામાં આવી હતી.

છેલ્લા દિવસે લોકસભાએ દેશમાં એકસાથે ચૂંટણી યોજવા સંબંધિત બે બિલ સંસદની સંયુક્ત સમિતિને મોકલવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. હંગામાને જોતા રાજ્યસભાની કાર્યવાહી પણ બપોરે ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. સંસદ સત્રના છેલ્લા દિવસે, બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના સંદર્ભમાં ગૃહ પ્રધાન અમિત શાહ દ્વારા કરવામાં આવેલી ''અપમાનજનક'' ટિપ્પણી સામે વિરોધ કરવા માટે વિપક્ષી સાંસદો શુક્રવારે વિજય ચોક ખાતે એકઠા થયા હતા. એક દિવસ પહેલા જ્યારે વિપક્ષી સાંસદો સંસદ ભવન સંકુલમાં ઘૂસીને વિરોધ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે મારામારી થઈ હતી અને ભાજપના સાંસદ પ્રતાપ સારંગી ઘાયલ થયા હતા. સારંગીએ આરોપ લગાવ્યો હતો કે રાહુલ ગાંધીના દબાણથી તેને ઈજા થઈ છે.

સંસદના શિયાળુ સત્ર દરમિયાન વિરોધ પક્ષો સંસદના મકર ગેટ પાસે વિરોધ પ્રદર્શન કરતા હતા, પરંતુ ગુરુવારે ધક્કો મારવાની ઘટના બાદ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ નિર્દેશ આપ્યો હતો કે કોઈપણ રાજકીય પક્ષ, સાંસદ અથવા સાંસદોના જૂથે સંસદના કોઈપણ ભાગની નજીક વિરોધ ન કરવો જોઈએ. દરવાજા પર પ્રદર્શન પણ કરી શકતા નથી. ગઈકાલે, વિપક્ષી સભ્યોએ બાબાસાહેબ ભીમરાવ આંબેડકર સંબંધિત ગૃહ પ્રધાન અમિત શાહની ટિપ્પણીના વિરોધમાં માર્ચ કાઢી હતી, જ્યારે ભાજપના સાંસદોએ કોંગ્રેસ પર બાબાસાહેબનું અપમાન કરવાનો આરોપ લગાવીને વિરોધ કર્યો હતો.

સંસદભવનના 'મકર ગેટ' પાસે શાસક પક્ષ અને વિપક્ષના સભ્યો એકબીજાની સામે આવી ગયા અને સૂત્રોચ્ચાર કર્યા. ભારતીય જનતા પાર્ટીનો આરોપ છે કે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ધક્કો માર્યો અને ધક્કો માર્યો, જેના કારણે તેના વરિષ્ઠ સાંસદ પ્રતાપ સારંગી ઘાયલ થયા. ભાજપના સાંસદ મુકેશ રાજપૂત પણ ઘાયલ થયા છે.

બીજી તરફ, કોંગ્રેસનો દાવો છે કે ભાજપના સાંસદોએ તેના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને અનેક મહિલા સાંસદોને સંસદભવનમાં પ્રવેશતા અટકાવ્યા અને તેમની સાથે હેરાફેરી કરી. કોંગ્રેસ અને અન્ય કેટલાક વિપક્ષી દળોએ આરોપ લગાવ્યો છે કે 'ભારતના બંધારણની ૭૫ વર્ષની ભવ્ય યાત્રા' પર રાજ્યસભામાં બે દિવસીય ચર્ચાનો જવાબ આપતાં શાહે મંગળવારે તેમના સંબોધન દરમિયાન બાબાસાહેબનું અપમાન કર્યું હતું. મુખ્ય વિપક્ષી દળે શાહના સંબોધનનો એક વિડિયો અંશો પણ બહાર પાડ્યો હતો, જેમાં ગૃહમંત્રીને વિપક્ષ પર કટાક્ષ કરતા અને કહેતા સાંભળી શકાય છે, 'આ હવે ફેશન બની ગઈ છે - આંબેડકર, આંબેડકર...' જો તમે ભગવાનનું આટલું નામ લીધું હોત, તો તમે સાત જન્મો માટે સ્વર્ગમાં ગયા હોત.' બીજી બાજુ, ભારતીય જનતા પાર્ટીએ આક્ષેપ કર્યો કે કોંગ્રેસ હંમેશા બાબાસાહેબનું અપમાન કરે છે અને તેઓ ચૂંટણી હારી જાય છે.



શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ શહીદ (ભાગ ૩)

## ઈર્ષા નીંદા અને દ્વેષ જેવાં ઝેરીલાં ભાવથી દૂર રહેવું એ પણ રામ કાર્ય છે



માનસ સહિતની ત્રીજા દિવસની કથામાં પ્રવેશ કરતાં બાપુએ ફરી કહ્યું કે જટાયુ વિશ્વની શહીદી માં પ્રથમ છે. માનસમાં ઘણા પક્ષીઓનો ઉલ્લેખ છે, પક્ષીઓનો રાજા ગરુડ, ચાતક, કોયલ, પોપટ, ચકોર, વૃદ્ધહંસ, કાગ ભૂશુંડી રુપે કાગડો, ચકલા ચકલી અને ઘુવડ આમ નાનકડું એવું પક્ષી જગત માનસનાં આકાશમાં ઉડી રહ્યું છે. શાસ્ત્રીય કે આધ્યાત્મિક અર્થ કરીએ તો જેની પાસે પાંખો પણ છે, અને આંખો પણ છે એવી ચેતના એટલે 'ખગ' અથવા પક્ષી.

જ્ઞાનીઓ પણ આપણાથી થોડી ઊંચાઈએ ગયા હોય! પણ એ આપણને નાનાં નથી સમજતાં, જો સમજે તો જ્ઞાનનું સ્ખલન થયું કહેવાય. પક્ષી આકાશમાં જ ઉડે છે, પરંતુ એમને પાણીની પણ જરૂર પડે છે, ચણની પણ જરૂર પડે છે, અને માળો કરવા ચારાની પણ જરૂર પડે છે, અને એ માટે એમને પૃથ્વી પર આવવું પડે એમ જ્ઞાનમાં ઉડાન ભરતાં મહાપુરુષોને પણ ભાવજળ પીવા માટે, બ્રહ્મત્વને આત્મસાત કરવા માટે, નીચે આવવું પડે છે! અહંકારને લીધે જેઓ નીચે આવી શકતા નથી, એમને બુદ્ધ પુરુષ જાગૃત કરે છે. જટાયુ એવું જ પક્ષી છે જેની પાસે પાંખો છે, ચાંચ છે, અને આંખો પણ છે. રાવણને નિમિત બનાવીને ભગવાને એને પૃથ્વી પર બોલાવ્યા! રાવણ થી ઘાયલ થઈને જટાયુ ધરતી પર પડે છે, એમનો રામ સાથે પરિચય થાય છે, ત્યારે જ એને ખબર પડે છે કે, રામની કરુણા બહુ અદભુત છે. આજે મને સમાચાર મળ્યા કે ભારતની ઘણી બોર્ડર પર રાજસ્થાન, કચ્છ, કાશ્મીર, અને એક પત્ર તો છેક પાકિસ્તાન પાસેથી પણ આવ્યો છે, કે જ્યાં વિશેષ શાંતિ છે ત્યાં આર્મીના ભાઈઓ કથા સાંભળી રહ્યાં છે, મારા માટે એ આનંદની વાત છે. આપણે નવ દિવસ માટે વીર શહીદોના સ્મરણનો રૂડો સંકલ્પ લઈને બેઠા છીએ, અને અહેતું સંકલ્પ છે, એટલે એને પૂરો કરવો એ પરમાત્માની જવાબદારી છે! હું ઈચ્છું છું કે આખી દુનિયામાં યુદ્ધ બંધ થઈ જાય, અને બધાં કથા સાંભળતાં થઈ જાય.

માનસ એક એવું આકાશ છે, એમાં અનેક પંક્તિઓ ઉડાન ભરે છે. માનસમાં બે પક્ષીઓની વાત કરીએ, એક જટાયુ અને બીજા કાગભુષંડી, બંનેનો તફાવત જોઈએ. જટાયુ પાસે ભગવાન ગયા અને કહે છે કે હું તમને અમર કરી દઉં, ત્યારે જટાયુ એ કહ્યું કે મારે જીવવું નથી. જ્યારે બીજા કાગભુષંડી, એ ભગવાનને કહે છે કે મારે મરવું નથી. એક સાધુએ જઈને બંને પક્ષીઓને પૂછ્યું કે, તમારા વિચારો કેમ અલગ?; તમે એક જ આકાશમાં ઉડનારા છો! ત્યારે કાગભુષંડી એ કહ્યું કે ''એ હી તન રામ ભગતી મૈં પાઈ'', આ શરીરથી મને રામભક્તિ મળી છે એ શરીર મારે મારી નથી નાખવું, મારે જીવવું છે. સાધુએ જટાયુને પૂછ્યું કે રામ તમને જીવતાં રાખવાનું કે અમર કરી દેવાનું કહે છે, તો પણ મરી જવાની ઈચ્છા કેમ કરો છો? જટાયુ એ કહ્યું જે શરીર ભક્તિને બચાવી ન શક્યો, તે શરીરને રાખવાની જરૂર નથી. કારણ કે હું જોતો રહ્યો, અને જાનકીને એક અસુર લઈ ગયો. જે શરીર ભક્તિનું સંરક્ષણ ન કરી શકે, શક્તિની રક્ષા ન કરી શકે, શાંતિની રક્ષા ન કરી શકે, માનવીય ઉર્જાનું સંરક્ષણ પૂરું ન પાડી શકે, એવા શરીરને રાખવાનો શું અર્થ છે? માનસના પક્ષીઓની ઉડાન વિશે આપણે જ્યારે ચર્ચા કરી રહ્યા છીએ, ત્યારે હજી આધ્યાત્મિક ચિંતન કરીએ તો! જટાયુ રાવણની વીસે વીસ આંખ ચાંચથી ફોડી શક્યા હોત, પણ એણે આંખોમાં ચાંચ ન મારી, કારણકે રાવણ ઘાયલ જ છે, મરેલો જ છે ૨૦ આખો હોવા છતાં એ આંધળો જ છે, એને શું મારવો !' એ સમયે યુદ્ધમાં પણ ધર્મ હતો, અને આજે ધર્મમાં પણ યુદ્ધો આવી ગયાં. અહિંસા જેવો કોઈ ધર્મ નથી અને નિંદા જેવું કોઈ ભયંકર પાપ નથી! સત્યને પણ ધર્મ કહ્યો છે સત્ય એ દંડ નથી, પણ ધજા છે. ધજા ફરકતી હોવી જોઈએ, પણ આજે ક્યાંક ક્યાંક રજા ફફડે છે! જટાયુ માટે અંગદ બોલે છે, ''રામ કાજ કારન તનુ ત્યાગી'', તો આ રામકાર્ય એટલે શું? ૨૪ કલાક રામનામની માળા ફેરવવી એ રામ કાર્ય નથી? રામ નામ મહત્વનું છે, રામનામ વગરનું રામકાર્ય અહંકારનું રૂપ ધારણ કરે છે, એટલે જ સીતાની શોધમાં હનુમાન ગયાં, ત્યારે લંકાના એક એક એક મહેલમાં હનુમાન ફરે છે, કોઈ જગ્યાએ સીતાને જોયા નહીં. ત્યાં એમણે એક ઘર જોયું જેની દીવાલો પર રામ નામ અંકિત હતું ઠાકોરજીનું મંદિર હતું, તુલસી ક્યારા હતા, અને હનુમાનજી તેમાં પ્રવેશ કરે છે, ત્યારે વિભિષણ સાથે તેની મુલાકાત થઈ. નરસિંહ કહે છે એવાં બે વૈષ્ણવોનું મિલન થયું, વૈષ્ણવ શબ્દને સાંપ્રદાયિક અર્થમાં નહીં, પણ વૈશ્વિક રૂપમાં લેવો. જ્યાં કોઈ ભેદ નથી, સંકીર્ણતા નથી, એવાં મોટા ફલક પર વૈષ્ણવની વ્યાખ્યા મહેતાએ કરી છે.

રામ કાર્ય અંગે સમજ આપતા વિભિષણ અને હનુમાનજીના સંવાદની વાત કરે છે. હનુમાનજી વિભીષણને કહે છે કે, હેં સખા, તું લંકામાં કઈ રીતે રહી શકે છે? આ દુર્જનતા વચ્ચે તું એક જ સજન છે, કે જેના આંગણામાં આવીને મને શાંતિ મળી. વિભીષણ જવાબ આપે છે દાંતની વચ્ચે જેમ જીભ રહે તેમ હું લંકામાં રહું છું, લંકાની કઠોરતા વચ્ચે હું બિલકુલ કોમળ અવયવ રસના રૂપે રામ નામનો રસ લઉં છું. આગળ વિભીષણ કહે છે કે, મારી પર ભગવાનની કૃપા થઈ છે, એટલે તમે મળ્યા! હનુમાનજી કહે છે કે તારી જેવા ઉપર ભગવાન કૃપા કરે જ નહીં, કારણ કે તે બધું જ કર્યું, પણ રામનું કામ કર્યું નથી. આ આપણે સમજવા જેવું છે રામ નામનો મહિમા ઓછો નથી, પણ નામ પૂર્ણ પ્રભાવક હોવા છતાં, રામકાર્ય થાય ત્યારે જ એ વિશેષ પ્રભાવતા બતાવે છે. હનુમાનજી કહે છે કે, રામના પત્ની મા જાનકીને, તારો મોટો ભાઈ અપહરણ કરીને લંકામાં લઈ આવ્યો, તે ક્યારેય રાવણને એમ કહ્યું કે જયેષ્ઠ બંધુ આ ખોટું થયું. વિભીષણ એ સંકલ્પ કર્યો કે, હવેથી હું રામનામ સાથે રામકાજ પણ કરીશ, હવે સભામાં જે પહેલી બેઠક મળશે, તેમાં હું સીધો સાત્વિક વિદ્રોહ નોંધાવીશ, કે આપનું આ પગલું ખોટું છે, જાનકીને પાછા મોકલી દો! પછી તો પ્રભુ કૃપા કરશે ને! હનુમાનજી કહે છે કે પછી તો પ્રભુ તારા ઉપર ક્યારેય કૃપા નહીં કરે! વિભેષણ કહે કે રામ કામ કરું તોય કૃપા નહીં થાય, ત્યારે હનુમાનજી બહુ અદભુત વચન બોલ્યા, વિભિષણ રામની સાથે હું નિરંતર રહું છું, રામના સ્વભાવની જે રીત છે, તે એ છે કે જે નામ અને કામ બંનેનો સુભગ સમન્વય કરશે, તેના ઉપર જ પરમાત્મા પ્રેમ કરે છે, પ્રીતિ કરે છે, અને પ્રેમનો દરવાજો બધાં કરતાં ઊંચો છે.

હનુમાનજીનો અવતાર રામકાર્ય માટે જટાયુનો જન્મ રામ કાર્ય માટે. તો રામ કાર્ય એટલે શું? પહેલું રામકાર્ય પોતાના સામર્થ્ય કે ક્ષમતાની શોધ કરવી. વેદાંત એમ કહે છે કે સ્વરૂપનો જેને બોધ થઈ જાય, તેને ક્યારેય જગતમાં દુખ આવતું નથી. બીજું રામકાર્ય સેતુબંધ એટલે કે સમાજને જોડવાનું કામ કરવું. ત્રીજું રામકાર્ય નિર્વાણ બાદ નિર્માણ! એટલે કે હું પણું સમાપ્ત થાય પછી જ નવું નિર્માણ થાય છે. તો માનસના આધારે આ ત્રણ રામ કાર્ય છે, અને ત્રણ હું ઉમેરું છું. (૧) કોઈની ઈર્ષા ન કરીએ એ સૌથી મોટામાં મોટું રામકાર્ય.(૨) નિંદા ન કરીએ એ રામકાર્ય. (૩) કોઈ માટે આપણામાં દ્વેષ ન પ્રગટે એ રામકાર્ય. કથાના ક્રમમાં શિવકથા સુધી જઈ કહ્યું કે શિવ એ રામ ગર્ભ ગૃહનું દ્વાર છે.

લી. ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ગમે તેની સાથે મિત્રતા-લવલફરામાં આગળ વધતાં પહેલા સો વખત વિચાર કરવાનો સમય

# પ્રેમના નામે ફસાયેલી બે બાળાના અપહરણ-દૂષ્કર્મ

## એક બાળાને તો ઢગો પાવાગઢ લઇ ગયો, ત્યાંથી ગોવા અને છેલ્લે મુંબઇ લઇ ગયોઃ ત્યાં રૂપિયા ખુટતાં બાળાને પણ પોતાની સાથે મજૂરી કામમાં વડગાળી દીધી'તી!: લોકેશનને આધારે પોલીસે બંને કેસ સોલ્વ કર્યા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

રાજકોટઃ સોશિયલ મિડીયાના યુગમાં અનેક લેભાગુઓ આ આ માધ્યમથી સગીરાઓ, બાળાઓને મિત્રતા અને પ્રેમજાળમાં ફસાવીને તેની જિંદગી બગાડી નાખતા હોય છે. આ પ્રકારના અનેક બનાવો અત્યાર સુધીમાં સામે આવી ગયા છે. વધુ બે આવી ઘટના સામે આવી છે જેમાં સોળ વર્ષની બાળાને એકવીસ વર્ષના ઢગાએ ફસાવી બળાત્કાર ગુજારી લીધો હતો. તેને પોલીસે દબોચી લીધો હતો. બીજા બનાવમાં પંદર વર્ષની બાળાને બાવીસ વર્ષના ઢગાએ ફસાવી અપહરણ કરી દૂષ્કર્મ આચરી લીધુ હતું. આ બંને કિસ્સામાં પોલીસે પોક્સો અપહરણ બળાત્કારના ગુના દાખલ કરી તુરત જ હવસોખોરોને દબોચી લીધા હતાં. ઠેકઠેકાણ આ પ્રકારની ઘટનાઓ બની રહી હોઇ બાળાઓ સગીરઓએ ગમે તેની સાથે મિત્રતા કરતાં પહેલા સો વખત વિચાર કરવો જરૂરી છે.

વિગતો પર નજર કરીએ તો અપહરણ બળાત્કારની બંને ઘટના વડોદરા શહેરમાં નોંધાઇ છે. જો કે લેભાગુઓ કોઇપણ ગામ કે શહેરમાં આ પ્રકારે બાળાઓને ફસાવી શકે છે. સોળ વર્ષીય સગીરાનું અપહરણ કરીને દુષ્કર્મ આચરનાર એકવીસ વર્ષીય આરોપી વનરાજસિંહ પરમારની મકરપુરા પોલીસે અમદાવાદ નજીક સાણંદ ખાતેથી ધરપકડ કરી છે અને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. આ મામલે મકરપુરા પોલીસ સ્ટેશનના સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર જી. ડી. રાજપુત તપાસ કરી રહ્યા છે. ડીસીપી ઝોન-૩ અભિષેક ગુપ્તાએ જણાવ્યું હતું કે વનરાજસિંહ પરમાર સગીરાને પ્રેમજાળમાં ફસાવીને લગ્નની લાલચ આપીને અપહરણ કરીને લઇ ગયો હતો અને સાણંદ ખાતે રહેતો હતો. પોલીસે કોલ ડિટેલના આધારે આરોપીને ઝડપી પાડયો છે અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

બીજા બનાવમાં વડોદરા શહેરની પંદર વર્ષીય સગીરાને તેની પાડોશમાં જ રહેતો બાવીસ વર્ષીય ચીરાગ ઉર્ફે ચીન્પાન્જી અગ્રવાલ અપહરણ કરીને લઇ ગયો હતો અને તેની ઉપર દુષ્કર્મ આચર્યું હતું. મકરપુરા પોલીસે તેની પણ ધરપકડ કરીને આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. આ મામસે મુખ્ય આરોપી ચીરાગને તેના મોટાભાઇ રોહિત અગ્રવાલ, વિક્કી ઉધરેજયા અને શ્રદ્ધાબેન



ત્રીજી ઘટનામાં યુવતિએ હવસખોરે સરાજાહેર પાછળથી આવી બથ ભરી અડપલા કર્યાઃ દેકારો મચતાં ટોળાએ બેફામ ઢીબ્યો, પોલીસે પણ ખોખરો કર્યો

મહેતા પણ મદદ કરી હતી. જેથી તેઓની સામે પણ મકરપુરા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. ડીસીપી ઝોન-૩ અભિષેક ગુપ્તાએ જણાવ્યું હતું કે સગીરાને ચિરાગ અગ્રવાલે પ્રેમજાળમાં ફસાવીને પાવાગઢ ફરવા માટે લઇ ગયો હતો અને ત્યાંથી તેઓ ભાગી છુટચા હતા. પોલીસ સતત તેમની પાછળ હતી. સોશિયલ મીડિયા અને સીડીઆર મારફતે આરોપીને ઝડપી પાડયો છે. તેઓ પાવાગઢ અને ગોવા ગયા હતા અને છેલ્લે મુંબઇ પહોંચયા હતાં. અહિ રૂપિયા ખુટી જતાં બંને મજૂરી કરતા હતા. પોકસો એકટ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

ત્રીજી એક ચોંકાવનારી ઘટના જોઇએ તો મોટા વરાછા તળાવ નજીક બસમાંથી ઉતરી ઓફિસે જઇ રહેલી પુણા વિસ્તારની બાવીસ વર્ષીય યુવતીને પાછળથી બાથમાં લઇ બિભત્સ હરકત કરનાર બે સંતાનના નરાધમ પિતાને એકઠા થયેલા ટોળાએ પકડીને મેથીપાક આપી ઉત્રાણ પોલીસને હવાલે કર્યો હતો. સુરત પુણા વિસ્તારમાં રહેતી મૂળ ભાવનગરના પાલિતાણા તાલુકાની બાવીસ વર્ષિય યુવતિ મોટા વરાછા-અબ્રામ રોડ વિસ્તારની આઇ.ટી ઓફિસમાં નોકરી કરે છે. યુવતિ રાબેતા મુજબ સવારે નવ વાગ્યાના અરસામાં કાપોદ્રાના લક્ષ્મણનગર ખાતેથી સિટી બસમાં અબ્રામા રોડ ખાતે જવા નીકળી હતી. બાદમાં તે મોટા વરાછા તળાવ નજીક બસમાંથી ઉતરી ઓફિસ તરફ જઇ પગપાળા જઇ રહી હતી ત્યારે અચાનક જ એક યુવાન પાછળથી ઘસી આવ્યો હતો. જાહેરમાં યુવાને પાછળથી બાથમાં લઇ બિભત્સ હરકત કરતા તેણી ચોંકી ગઇ હતી અને બુમાબુમ કરતા રાહદારીઓનું ટોળું એકઠું થઇ ગયું હતું.

ટોળાએ આ યુવતિ સાથે બિભત્સ હરકત કરનારને પકડીને મેથીપાક આપ્યો હતો. બીજી તરફ યુવતિએ તુરંત જ નજીકમાં રહેતા માસીના દીકરાને ફોન કરતા તે પણ દોડી આવ્યો હતો. એકઠા થયેલા ટોળા પૈકીના કોઈકે કંટ્રોલ રૂમમાં ફોન કરતા ઉત્રાણ પોલીસ તુરંત જ ઘસી ગઇ હતી. પોલીસે જાહેરમાં રશ્મિકા સાથે બિભત્સ હરકત કરનાર નરાધમની પૂછપરછ કરતા પોતાનું નામ જયવંત રમેશ સોલંકી (ઉ.વ. ૨૫ રહે. ક્રિષ્નાનગર ઝુંપડપટ્ટી, લક્ષ્મણનગર પાસે, પુણાગામ) હોવાનું તથા બે સંતાનનો પિતા અને ફ્રુટનો ધંધો કરતો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે જયવંત વિરૂધ્ધ ગુનો નોંધી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનીય છે કે યુવતિ જયાં રહે છે તેની નજીકમાં જ જયવંત ફ્રુટની લારી ચલાવે છે અને ત્યાં જ રહે છે. જેથી તે તેણીને આવતી જતી જોતો હતો અને છેલ્લે આવી અજુગતી હરકત કરી બેઠો હતો.

# સંભલના કાર્તિકેશ્વર મહાદેવ મંદિરની તપાસ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ પાસે

## ૫૦ વર્ષ પછી મળી આવેલું આ મંદિર કેટલું પ્રાચીન છે તે માટે કાર્બન ડેટિંગ નો ઉપયોગ થાય તેવી શક્યતા

નવીદિલ્હી, તા..૨૦

ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)ની ટીમ સંભલના કાર્તિકેશ્વર મહાદેવ મંદિરની ઉંમર જાણવા માટે કાર્બન ડેટિંગ કરશે. આ મંદિર લગભગ પચાસ વર્ષ પછી તાજેતરમાં મળી આવ્યું છે, પરંતુ તે કેટલું પ્રાચીન છે તેની તપાસ પુરાતત્વ વિભાગ કરશે. અગાઉ જ્ઞાનવાપી કેસમાં પણ કાર્બન ડેટિંગની વાત થઈ હતી. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) ની ટીમ શિવ મંદિરના કાર્બન ડેટિંગ માટે નમૂનાઓ એકત્રિત કરવા અને ખગ્ગુસરાઈ, સંભલમાં મળી આવેલા કૂવા માટે પહોંચી છે. તેની કાર્બન ડેટિંગ કરવામાં આવશે જેથી જાણી શકાય કે મંદિર અને કૂવો કઈ સદીનો છે. આ પહેલા જ્ઞાનવાપી મસ્જિદમાં મળેલા કથિત શિવલિંગની કાર્બન ડેટિંગની ચર્ચા હતી, જેના પર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મૂક્યો હતો.

કાર્બન ડેટિંગનું નામ કોઈ પણ પુરાતત્વીય શોધમાં વારંવાર આવે છે. વિશ્વમાં પ્રથમ વખત બ્રિટનના સ્ટોનહેંજમાં કાર્બન ડેટિંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સ્મારક ત્રણથી બે હજાર ઈ.સ. રેડિયો કાર્બન ડેટિંગ દરમિયાન ત્યાંથી મળેલી તમામ વસ્તુઓની તપાસ કરવામાં આવી હતી. આનાથી તેના નિર્માણના સમયનો ખ્યાલ આવ્યો. આ પછી કાર્બન ડેટિંગ શરૂ થઈ. ભારતીય પુરાતત્વ વિભાગે પણ આના પર ઘણું કામ કર્યું અને હજારો વર્ષ જૂની હડપ્પા અને મોહેંજોદડો સંસ્કૃતિની શોધ કરી. પરંતુ જ્યારે રામ મંદિર વિવાદમાં તેનો ઉપયોગ પ્રકાશમાં



આવ્યો ત્યારે કાર્બન ડેટિંગ પર ઘણી ચર્ચા થઈ હતી. પુરાતત્વ વિભાગના સર્વેમાં જાણવા મળ્યું કે મસ્જિદ પહેલા મંદિરનું માળખું હતું. આ સાથે લગભગ ત્રણ હજાર વર્ષ જૂનો ઈતિહાસ પણ જણાવવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે રામજન્મભૂમિ પર ચુકાદો આપતી વખતે પુરાતત્વ વિભાગના રિપોર્ટનો પણ ઉલ્લેખ કર્યો હતો. પછી જ્ઞાનવાપીમાં પણ આ પ્રક્રિયા અપનાવવાની વાત થઈ હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે તેના પર પ્રતિબંધ મૂક્યો હતો. હવે ફરી એકવાર સંભલ કેસમાં કાર્બન ડેટિંગ દાખલ કરવામાં આવી છે.

સંસ્કૃતિ કે તેની સાથે જોડાયેલી વસ્તુ કેટલી જૂની છે તે જાણવા માટે ખોદકામમાં મળેલી વસ્તુઓની તપાસ કરવામાં આવે છે. સાદી ભાષામાં તેને સમયનું ટાઈમ મશીન કહી શકાય. આ કાર્બન ઈમારતો, લાકડું, હાડકાં અને કાર્બન ધરાવતી બધી વસ્તુઓની ઉંમરનો શ્રેષ્ઠ અંદાજ લગાવે છે. આ પદ્ધતિ એ હકીકત પર આધારિત છે કે તમામ જીવંત જીવો અને જીવંત સજીવોમાંથી બનેલી વસ્તુઓમાં કાર્બન હોય છે. તે વસ્તુની ઉંમર આ કાર્બનના આધારે ગણવામાં આવે છે.

આપણે બધામાં કાર્બન છે. તે બે પ્રકારના હોય છે, કાર્બન ૧૨ અને કાર્બન ૧૪. જ્યાં સુધી કોઈ વ્યક્તિ જીવિત હોય ત્યાં સુધી તેના શરીરમાં બંને પ્રકારના કાર્બનનું સંતુલન હોય છે, પરંતુ મૃત્યુ પછી ચિત્ર બદલાઈ જાય છે.

જ્યારે કોઈ વસ્તુનો નાશ થાય છે, એટલે કે માનવ મૃત્યુ પામે છે, અથવા વૃક્ષ સુકાઈ જાય છે, ત્યારે તેમાં કાર્બન ૧૪ પણ નાશ પામે છે, પરંતુ કાર્બન ૧૨ હજુ પણ રહે છે. નિષ્ણાતો આ કાર્બનનું પરીક્ષણ કરે છે અને શોધી કાઢે છે કે તે વસ્તુ કેટલી જૂની છે. આ ઉપરાંત, કાર્બન ૧૪ ક્ષીણ થાય છે તેની ઝડપ દ્વારા પણ સમય નક્કી કરી શકાય છે. કાર્બન ડેટિંગ લગભગ પચાસ હજાર વર્ષ જૂની વસ્તુઓ માટે સાચો અંદાજ લગાવવામાં સક્ષમ છે, પરંતુ તે પછી આ અંદાજ હળવો થઈ જાય છે. બીજી એક વાત છે. આ ડેટિંગ ટેકનિક માત્ર વૃક્ષના લાકડા, કાગળ, હાડકાં જેવી જીવંત વસ્તુઓ પર કામ કરે છે અને ધાતુ અથવા પથ્થર જેવી વસ્તુઓ વિશે નબળા અંદાજો આપી શકે છે. હવે સવાલ એ ઊભો થાય છે કે મંદિર કે કૂવાની કાર્બન ડેટિંગ કેવી રીતે થઈ શકે, તેઓ પણ મરી ગયા છે. આ માટે, એક ખાસ પદ્ધતિ અપનાવવામાં આવે છે જે પરોક્ષ છે. જો ઈમારત સાથે મૃત જંતુઓ કે છોડ જેવી કોઈ ઓર્ગેનિક વસ્તુ અટવાઈ ગઈ હોય તો તે વસ્તુ કેટલી જૂની છે તે પણ જાણી શકાય છે.

## સમિતિના સભ્યોની સંખ્યાને સુધારીને લોકસભામાંથી ૨૭ અને રાજ્યસભામાંથી ૧૨ કરવામાં આવી

# એક રાષ્ટ્ર એક ચૂંટણી પર JPCના અધ્યક્ષ તરીકે પી.પી ચૌધરી




નવીદિલ્હી, તા. ૨૦

ભારતીય જનતા પાર્ટીના સાંસદ પીપી ચૌધરીને શુક્રવારે એક રાષ્ટ્ર, એક ચૂંટણી પર સંયુક્ત સંસદીય સમિતિ (JPC)ના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. વધુમાં, સમિતિના સભ્યોની સંખ્યાને સુધારીને લોકસભામાંથી ૨૭ અને રાજ્યસભામાંથી ૧૨ કરવામાં આવી હતી. સરકારે એક સાથે ચૂંટણીની દરખાસ્ત કરતા બે બિલની તપાસ કરતી સંસદની સંયુક્ત સમિતિનું કદ વધારીને શુક્રવારે તેની સંખ્યા ૩૧ સાંસદોથી વધારીને ૩૯ કરી દીધી છે.

આ પગલું વધુ રાજકીય પક્ષોનું વધુ પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરે છે. સૂચિત લોકસભા સાંસદોની સુધારેલી યાદીમાં શિવસેના (UBT), CPI(M) અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) ના સભ્યોની સાથે BJPના બે વધારાના સભ્યો અને સમાજવાદી પાર્ટીના વધુ એક સભ્યનો સમાવેશ થાય છે.

સમિતિના ૩૯ સભ્યોમાંથી ૧૬ ભાજપના, પાંચ કોંગ્રેસના, SP, TMC અને DMKના બે-બે અને શિવસેના, TDP, JD(U), RLD, LJSP(RV), JSP, શિવસેનાના એક-એક સભ્યો છે. -UBT, NCP -SP, CPI(M), AAP, BJD અને YSRCP. ગુરુવારે જેપીસી માટે જાહેર કરાયેલા નામોમાં વિવિધ પક્ષોના અગ્રણી રાજકીય નેતાઓનું મિશ્રણ પણ સામેલ છે.

પહેલેથી જ જાણીતા સભ્યોની યાદીમાં ભાજપના સાંસદ પી.પી. ચૌધરી, ડો.સી.એમ. રમેશ, બાંસુરી સ્વરાજ, પુરુષોત્તમભાઈ રૂપાલા, અનુરાગ સિંહ ઠાકુર, વિષ્ણુ દયાલ રામ, ભર્ત્રીહરિ મહતાબ, ડો. સંબિત પાત્રા, અનિલ બલુની, વિષ્ણુ દત્ત શર્મા અને પ્રિયંકા ગાંધી વાડ્રા. કોંગ્રેસ પક્ષનું પ્રતિનિધિત્વ મનીષ તિવારી, સુખદેવ ભગત, ધર્મેન્દ્ર યાદવ અને કલ્યાણ બેનર્જી, હરીશ બાલયોગી, સુપ્રિયા સુલે, ડો. શ્રીકાંત એકનાથ શિંદે, ચંદન ચૌહાણ અને બાલશૌરી વલ્લભનેની કરે છે.

પોલીસ ધારે તો ગુનેગારને ગમે ત્યારે ગમે ત્યાંથી શોધી કાઢે છેઃ પ્રતીતિ કરાવતી વધુ એક કામગીરી

# ચોરીનો ગુનો આચરી સાધુ બની ગયોઃ એકવીસ વર્ષે પકડાયો!

## પોલીસને ચોક્કસ બાતમી મળી કે જેણે વાહનચોરી કરી હતી અને ફરાર થઇ ગયો હતો એ શખ્સ મંદિરમાં સાધુ બનીને રહે છેઃ એકત્રીસ વર્ષની વયે ગુનો આચરેલો, હવે એકાવન વર્ષની વયે હાથમાં આવ્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

રાજકોટઃ દેતે હૈ ભગવાન કો ધોખા ઇન્સાન કો ક્યા છોડેંગે...કંઇક આવી જ એક સત્ય ઘટના સામે આવી છે. જેમાં એક શખ્સ ચોરી કરી ભાગી નીકળ્યા બાદ સાધુ બની ગયો હતો અને મંદિરમાં પૂજારી બનીને સેવા પૂજા કરવા માંડ્યો હતો! પોતે ગુનેગાર છે અને ભાગેડુ છે એવુ જાણવા છતાં લોકોને અને ભગવાનને પણ છેતરીને પૂજારીનો સ્વાંગ રચી મંદિરમાં બેસી ગયો હતો. જો કે પોલીસ ધારે તો ગમે ત્યાંથી અને ગમે ત્યારે ગુનેગારને શોધી કાઢતી હોય છે તે મુજબ આ શખ્સને તેણે ગુનો આચર્યાના એકવીસ વર્ષ બાદ દબોચી લીધો હતો. પોતે કદી પકડાશે જ નહિ એવુ વિચારી સાધુ બની ગયેલા આ શખ્સ સુધી પોલીસ પહોંચી જતાં તે પણ ચોંકી ગયો હતો. પોલીસે તેની સામે કાયદસેરની કાર્યવાહી કરી હતી અને કાયદો કાયદાનું કામ કરતો જ હોય છે તેનો અહેસાસ કરાવ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો ગુજરાત પોલીસ અવાર-નવાર એવા ગુનેગારોને શોધી કાઢે છે જે વર્ષોથી અલગ અલગ ગુનામાં ફરાર હોય છે અને એવુ સમજતા હોય છે કે હવે તેને પોલીસ શોધી જ નહિ શકે. દરમિયાન સુરત શહેરના ક્રાઇમ બ્રાંચે એકવીસ વર્ષથી ફરાર વાહનચોરીના આરોપીને શોધધી કાઢ્યો છે. વર્ષ ૨૦૦૩માં સુરતના વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા વાહનચોરીના કેસમાં વોન્ટેડ આરોપીને આખરે રાજસ્થાનથી પકડી પાડવામાં આવ્યો છે. આરોપી વાહન ચોરી કર્યા બાદ ફરાર હતો જ્યારે તેની ધરપકડ કરવામાં આવી ત્યારે પોલીસને ખબર પડી કે તે સાધુ બની ગયો છે. પકડાયેલા આરોપીનું નામ છેલસિંહ રામસિંહ ગૈવયા છે અને હાલ તેની ઉમર એકાવન વર્ષ થઇ ચુકી છે.





આ શખ્સ મુળ બાલોત્રા જિલ્લાના સિવાના ગામનો રહેવાસી છે. વરાછા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં વોન્ટેડ ગણાતા આ આરોપીને પકડી પાડવા માટે સુરત શહેરના નાયબ પોલીસ કમિશનર ક્રાઇમની ટીમે ૧૮ ડિસેમ્બર ૨૦૨૪થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ સુધીના નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરી હતી. જનરલ સ્કવોડના પોલીસ સબ ઇન્સ્પેક્ટરના માર્ગદર્શન હેઠળ ટીમે બાતમીના આધારે રાજસ્થાનમાં સિવાના ગામે રામદેવપીર મંદિર પાસે વોચ રાખી અને ચુસ્ત કાર્યવાહી કરીને આરોપીને ઝડપી પાડ્યો હતો.

સુરતના વરાછા વિસ્તારમાં વર્ષ ૨૦૦૩માં આ આરોપી રહેતો હતો. તે સમયે તેણે વરાછા વિસ્તારમાંથી હિરો હોન્ડા સ્પ્લેન્ડર બાઈક જેની કિમત સત્યાવીસ હજાર હતી તેની ચોરી કરી હતી. આ ચોરીને અંજામ આપ્યા બાદ તે સુરતથી નાસી ગયો હતો અને રાજસ્થાનના સિવાના ગામમાં આશરો લઈ સાધુ વેશ ધારણ કરી જીવન જીવતો હતો.

દરમિયાન આરોપી રાજસ્થાનમાં રહેતા હોવાની માહિતી મળતા જ પોલીસે તાત્કાલિક ટીમ મોકલી અને રામદેવપીર મંદિર પાસે વોચ રાખી તેને ઝડપી પાડ્યો. તેની ધરપકડને કારણે એકવીસ વર્ષ જૂના ચોરીના કેસમાં આગળની કાર્યવાહી શક્ય બની હતી. છેલસિંહ રામસિંહ ગૈવયાએ વર્ષ ૨૦૦૩માં ગુનાને અંજામ આપ્યા બાદ પોતાનું ઓળખાણ છુપાવવા સાધુવેશ ધારણ કર્યો હતો. રાજસ્થાનના નાના ગામમાં રહેતાં આ આરોપી પોતે રામદેવપીર મંદિરમાં પૂજારી તરીકે કામ કરતો હતો. તે ચોરીના ગુનામાં સંડોવાયેલ હોવાની વાત છુપાવી આ વિસ્તારમાં સામાન્ય જીવન જીવતો હતો.

અગાઉ આ રીતે પંદર વર્ષ જુના મારામારીના કેસમાં ફરારા બાપ-દિકરાને રાજકોટ એલસીબી ઝોન-૨ ટીમે પકડી લીધા હતાં. આ બંને બાપ બેટો પણ સાધુનો સ્વાંગ રચીને વર્ષો સુધી પોલીસથી ભાગતાં ફર્યા હતાં. અંતે બંનેને દબોચી લેવાયા હતાં.

પોલીસ ગુનેગારને ગમે ત્યાંથી શોધી કાઢતી હોય છે અને ગમે ત્યારે પકડી લેતી હોય છે તે વધુ એકવાર પુરવાર થયું હતું.

બદનસિબીએ પીછો ન છોડ્યો...એક યુવતિની કરૂણ કથનીએ સૌને હચમચાવી મુક્યા

# સગા બાપે દેહ પીંખ્યો, પછી મંગેતરે બનાવી દીધી કુંવારી મા!

## શાપરની યુવતિએ રાજકોટમાં દિકરીને જન્મ આપ્યોઃ જો કે સારવારમાં નવજાત દિકરીનું મોત થયુંઃ આ યુવતિ પર બળાત્કાર ગુજારનાર શૈતાન બાપે જેલમાં આપઘાત કર્યો હતોઃ પછી જેની સાથે સગાઇ થઇ એ યુવાન દગાખોરી કરી ભાગી ગયો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

અમુક લોકો એવા હોય છે જેનો બદનસીબી પીછો છોડતી હોતી નથી. આવા કિસ્સામાં તેને ખુબ સહન કરવું પડતું હોય છે. એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક વીસ વર્ષની યુવતિની કરમ કઠણાઇ કહો કે બદનસીબી કહો આ યુવતિની હાલત પોતાનાઓએ જ ખરાબ કરી નાખી હતી. હમે તો અપનોને લૂંટા...જેવા દુ:ખદાયી અનુભવમાંથી તેણીને બબ્બે વખત પસાર થવું પડ્યું છે. પહેલી વખત આ યુવતિ પર સગા બાપે નજર બગાડી દેહ પીંખી નાંખ્યો હતો. જેલમાં ગયેલા બાપે બાદમાં જેલમાં જ આપઘાત કર્યો હતો. માંડ તેણી આ પીડામાંથી બહાર આવી હતી ત્યાં તેણી સાથે મંગેતર દગો કરી ગયો હતો. મંગતરે શરીર સંબંધ બાંધી ગર્ભ રાખી દીધો હતો અને સગર્ભા લતમાં છોડીને ભાગી ગયો હતો. તેણીએ દિકરીને જન્મ આપ્યા બાદ આ દિકરીનું મોત થતાં પોલીસે કાર્યવાહી કરી હતી.

બબ્બે વખત હવસખોરીનો ભોગ બનેલી આ યુવતિ રાજકોટની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. કરૂણ કથનીની વિગતો જોઇએ તો રાજકોટના શાપર પંથકમાં રહેતી પરપ્રાંતની વીસ વર્ષની યુવતિ સતત બે વખત હવસખોરીનો ભોગ બની છે. પહેલી વખત તેના પર તેના સગા બાપે બળાત્કાર ગુજાર્યો હતો. આ હવસખોર બાપે બાદમાં જેલમાં એસિડ પી આપઘાત કરી લીધો હતો. ત્યારબાદ યુવતિની તેના વતનના યુવાન સાથે સગાઇ કરવામાં આવી હતી. પણ તે તેણીને લલચાવી ફોસલાવી લગ્ન પહેલા જ શરીર સંબંધ બાંધી ગર્ભ રાખી દઇ ભાગી નીકળ્યો હતો. આ યુવાન તેની માતા સાથે રહેતો હતો. પોતાની સાથે માતાને પણ તે લઇ ગયો હતો. એક વખત સગા બાપ થકી આઘાતમાં ગરક થઇ ગયેલી યુવતિ હવે મંગેતરની દગાખોરીને કારણે ઉંડા આઘાતમાં ગરકાવ થઇ ગઇ હતી



યુવતિએ પોતાની સાથે મંગેતરે શરીર સંબંધ બાંધી લીધાની જાણ માતાને પણ કરી નહોતી. આ રીતે પેટમાં છ મહિનાનો ગર્ભ રહી ગયો હતો. એ પછી પેટમાં દુઃખાવો થતાં માતા તેણીને દવાખાને લઇ ગઇ હતી. જ્યાં સોનોગ્રાફી થતાં તેણીના પેટમાં ગર્ભ હોવાની ખબર પડતાં માતા ચોંકી ગઇ હતી. તેણીએ દિકરીને પૃછા કરતાં મંગતેરનું આ બાળક હોવાની વાત કરી હતી. આથી માતા તેણીને લઇને પોલીસ સ્ટેશને ગઇ હતી. છ મહિનાનો ગર્ભ થઇ ગયો હોઇ ગર્ભપાત થઇ શકે તેમ ન હોઇ મજબૂરીવશ યુવતિને પુરા મહિના સુધી રાહ જોવી પડી હતી. દરમિયાન ગત સોમવારે તેણીને પ્રસુતિની પીડા ઉપડતાં રાજકોટની હોસ્પિટલમાં ખસેડાઇ હતી. અહિ તેણીએ દિકરીને જન્મ આપ્યો હતો અને તે કુંવારી માતા બની હતી. દરમિયાન આ નવજાત બાળકીની હાલત ખરાબ હોઇ તેણીનું મોત થયું હતું. આ ઘટનાની જાણ શાપર પોલીસને કરવામાં આવી હતી.

આમ યુવતિ એક વખત પોતાના જ સગા બાપના હાથે પીંખાઇ ગઇ હતી, તો બીજીવાર મંગેતર પણ તેને છેતરીને દેહ ભોગવી સગર્ભા બનાવી ભાગી ગયો હતો. એક તરફ દિકરીની આવી હાલત થઇ ગઇ હતી તો બીજી તરફ આ દિકરીની જેના પર જવાબદારી છે તે માતાની હાલત પણ કફોડી થઇ ગઇ હતી. બબ્બે વખત પોતાના હોય તેના થકી જ યુવતિ હવસખોરીનો શિકાર બનતાં આઘાતમાં ગરકાવ થઇ ગઇ હતી.

દૂષ્કર્મ, છેડતી, પજવણીની ઘટનાઓ તો રાજ્યમાં રોજબરોજ સામે આવતી રહે છે. આવા મોટા ભાગના કિસ્સાઓમાં જે તે બાળા કે યુવતિઓ કે સગીરાઓને તેના પરિચીતો જ ભોગ બનાવી શારીરિક માનસિક અને ક્યારેક આર્થિક શોષણ કરતી હોય છે. શાપરના કિસ્સામાં પણ યુવતિને આ પ્રકારની કરૂણતામાંથી પસાર થવુ પડ્યું હતું. બાપે બળાત્કાર ગુજાર્યો તેની પીડા, વિસરી ન શકાય તેવા દુઃખમાંથી તે માંડ બહાર આવી હતી ત્યાં મંગેતર કે જેની સાથે સંસાર જીવન શરૂ કરવાનો હતો તે પણ દેહની ભુખ ભાંગી ગર્ભ રાખી દઇ ભાગી ગયો હતો.



# સંસદમાં આરોગ્ય કુટુંબ કલ્યાણ વિભાગને સ્પર્શતા પ્રશ્નો પૂછતાં સાંસદ મોકરિયા

## આરોગ્ય-પરિવાર કલ્યાણ વિભાગના મંત્રીએ આપ્યા સંતોષકારક જવાબો

રાજકોટ મિરર, તા.૨૦

પાર્લામેન્ટમાં ભારત સરકારના આરોગ્ય કુટુંબ કલ્યાણ વિભાગ પ્રશ્નો પૂછતા સંસદસભ્ય રામભાઈ મોકરીયા .

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને સ્પર્શતા પ્રશ્નો અંગે રાજયસભાના સંસદ રામભાઈ મોકરિયાએ પ્રશ્નો પુછતા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી અનુપ્રીયા પટેલ દ્વારા સંતોષકારક જવાબો અપાયા હતા.

સંસદ મોકરિયા દ્વારા પ્રશ્નો પૂછ્યા હતા કે યુ- વિન પોર્ટલની મુખ્ય લાક્ષણિકતાઓ કે જે યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ હેઠળ સગર્ભા સ્ત્રીઓ અને બાળકો માટે રસીકરણ સેવાઓના સંપૂર્ણ ડિજિટાઇઝેશન માટે વિકસાવવામાં આવી છે? આ સેવામાં જાગૃતિ લાવવામાં અને નાગરિકો માટે રસીકરણની પહોંચની સુવિધામાં આ એપ્લિકેશનની ભૂમિકા શું છે ? નો સમાવેશ થાય છે.

ઉપરોક્ત પ્રશ્નોના સંદર્ભમાં કેન્દ્રના રાજ્યકક્ષાના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના મંત્રી અનુપ્રિયા પટેલ દ્વારા જવાબ અપાયા હતા કે, U-WIN એ સગર્ભા સ્ત્રીઓ અને બાળકોને(જન્મથી ૧૬ વર્ષ સુધી) યુનિવર્સિલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામ(ઞઈઙ) હેઠળ પૂરો પાડવામાં આવતી તમામ રસીકરણ સેવાઓના ડીજીટલાઈઝેશન માટેનું ડિજિટલ પ્લેટફોર્મ છે. રસીકરણ કરનારાની મુખ્ય વિશેષતાઓમાં' એની ટાઈમ એક્સેસ' અને 'એનિવહેર' રસીકરણ સેવાઓ, આયુષ્યમાન ભારત હેલ્થ એકાઉન્ટ(અઇઇઅ) અને ચાઈલ્ડ અઇઇઅ, સ્વ નોંધણી મોડ્યુલ સ્વયંસંચાલિત જબજ ચેતવણીઓ,ચછ- આધારિત રસીકરણ પ્રમાણપત્ર અને ડેટા એન્ટ્રી માટે ઓફલાઈન મોડ નો સમાવેશ થાય છે.

ઞ-ઠઈગ ડિજિટલ પ્લેટફોર્મ માં નાગરિકો અને રસીકરણ કરનાર બંને માટે ઉપયોગમાં સરળતા અને સુલભતા માટે મોબાઇલ એપ્લિકેશન છે. ઞ-ઠઈગ ૧૧ ભારતીય ભાષાઓમાં ઉપલબ્ધ છે વારંવાર પૂછાતા પ્રશ્નો(ઋઅચત) દ્વારા ઞ-ઠઈગ ના મુખ્ય લક્ષણો અને ઉપયોગ જેવા કે નોંધણી, એપોઇન્ટમેન્ટ બુકિંગ અને રાષ્ટ્રીય રસીકરણ શેડ્યુલ અંગે નાગરિકો અને ફ્રન્ટ લાઇન કામદારો બંનેને માર્ગદર્શન આપે છે.

# રિલાયન્સ મોલમાં યુવાન પર અજાણ્યા શખ્શોનો હુમલો

## સદરમાં યુવાન પર ચારનો હુમલો : કારણ અકબંધ

રાજકોટ મિરર, તા.૨૦

શહેરના કાલાવડ રોડ પર રહેતો યુવાન રીલાયન્સ મોલમાં હતો ત્યારે અજાણ્યા શખ્સોએ માર મારતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જાણવા મળતી

કાલાવડ રોડ પર રહેતો યુવાન રીલાયન્સ મોલમાં હતો ત્યારે અજાણ્યા શખ્સોએ માર મારતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ પર કટારિયા ચોકડી પાસે હાઉસીંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતો જતીન રમેશભાઈ પરમાર (ઉ.વ.૨૩) નામનો યુવાન ગત રાત્રે રિલાયન્સ મોલના ઉપરના માળે હતો ત્યારે અજાણ્યા માણસોએ આવી કૌટુંબીક ભાઈ પ્રદિપ સાથે ઝઘડો કરતા હતા જેથીતે વચ્ચે પડતા અજાણ્યા શખ્સોએ તેને ઢીકાપાટુનો માર મારતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જ્યારે બીજા બનાવમાં સદર બજારમાં જુમ્મા મસ્જીદ પાસે રહેતા આશીફભાઈ યુસુફભાઈ મકરાણી (ઉ.વ.૪૮) રાત્રે ઘર પાસે હતાં ત્યારે અફઝલ, બિમ્બો, દિલો અને દિપુડાએ ઝઘડો કરી તિક્ષણ હથિયાર વડે માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.

# આજે શાસ્ત્રી મેદાનમાં ચાલતા કૃષિ પ્રદર્શનમાં ગીર ગંગા ટ્રસ્ટ દ્વારા જળસંચયનો સેમીનાર

## સેમિનારમાં વધુને વધુ લોકોને જોડાવા અનુરોધ

રાજકોટ મિરર, તા.૨૦

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી શુદ્ધ અમૃત સમાન પાણી ખેત ઉત્પાદનમાં ખૂબ મહત્વનો ભાગ ભજવે છે, તેના જતન માટે સંસ્થા દ્વારા ચેકડેમ રીપેરીંગ, ઊંડા, ઉંચા તેમજ નવા બનાવવાના સંકલ્પ સાથે આ એક્સ્પોમાં આખા દેશમાંથી આવનાર દરેક ખેડૂતો ઉદ્યોગપતિઓ વરસાદી પાણીનું યોગ્ય જતન કરવાનો સંદેશો પહોંચે તેના માટે સ્ટોલ દ્વારા સમજાવવામાં આવશે આ માટે આજે ૨૧ રોજ સવારે ૧૧ થી ૧:૦૦ વાગ્યા સુધી વરસાદી પાણીનું યોગ્ય મહત્વ સમજાવવા સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે, તો દરેક ગામડાના ખેડૂતો અને ઉદ્યોગપતિઓ વધુમાં વધુ આ સ્ટોલની મુલાકાત લે અને સેમિનાર નો લાભ લઈ પોતાના પરિવારના રક્ષણ માટે ખેતીમાં વિકાસ કરી અને દેશનું ભવિષ્ય ઉજળુ બનાવવા વધુમાં વધુ ભાગ લે તેવી ગીરગંગા પરિવાર ટ્રસ્ટની વિનંતી સાથે આમંત્રણ છે.

# લક્ષ્મી વાડીમાં વડવાજડીના યુવાન પર ૮ શખ્સોનો હુમલો

## સમાધાન માટે બોલાવી હુમલો કર્યાની ફરિયાદ

રાજકોટ મિરર, તા.૨૦

શહેરના લક્ષ્મીવાડીમા સમાધાન માટે બોલાવી વડવાજડીના યુવાન પર આઠ શખ્સોએ લોખંડના પાઇપથી હુમલો કરતા ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડાયો હતો.

જાણવા મળતી વિગત શહેરના લક્ષ્મીવાડીમા સમાધાન માટે બોલાવી વડવાજડીના યુવાન પર ૮ શખ્સોએ લોખંડના પાઈપથી હુમલો કરતા તેને ઈજાગ્રસ્ત હાતલમા સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડાયો હતો.જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ પર વડ વાજડી ગામે રહેતો ચિરાગ ખીમજીભાઇ ડાંગર (ઉ.વ. ૨૩) નામનો યુવાન બપોરે લક્ષ્મીવાડી શેરી નં ૮ મા હતો ત્યારે રૂષિ મનાણી અને તેની સાથેના ૭ શખ્સોએ લોખંડના પાઇપ વડે હુમલો કરી માર મારતા તેને ઈજાગ્રસ્ત હાલતમા સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડાયો છે.

પ્રાથમિક તપાસમાં ચિરાગ બિલ્ડીંગ મટીરીયલ્સનો ધંધો કરે છે. તેની બહેનને આરોપીએ ગાળો આપી હોય જે બાબતે સમાધાન કરવા માટે બોલાવ્યા બાદ ઝઘડો કરી લોખંડના પાઇપથી માર માર્યો હતો. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ભકિતનગર પોલીસને જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# બાબા સાહેબના અપમાનનો ખીરસરમાં વિરોધ



રાજકોટ મિરર, ખીરસરા તા.૨૦

દેશની સંસદમાં અમિત શાહે બંધારણ ના ઘડવૈયા ડો બાબાસાહેબ આંબેડકરજીનુ અપમાન કર્યું હોવાનો આક્ષેપ થયો છે. તેના વિરોધમા સમસ્ત અનુ.સુચિત જાતિ ખીરસરા (રણમલજી) એ અમિત શાહ જાહેરમાં ડો બાબાસાહેબ આંબેડકરજીની માફી માગે તેવી માગ સાથે ખીરસરા ગ્રામપંચાયતના તલાટી કમ મંત્રીને આવેદનપત્ર આપીને રાજકોટ જિલ્લા કલેકટર. રાજ્યપાલ અને રાષ્ટ્રપતિને નકલ રવાના કરાઈ છે. **(ભીખુપરી ગોસાઈ - ખીરસરા )**

ઈન્સ્ટાગ્રામની રીલમાં અયોગ્ય કોમેન્ટ મામલે રાણી ટાવર પાસે રહેતાં યુવાને આઇડી ધારકને કોલ કરતાં બેફામ ગાળો અને ધમકી મળ્યા

# તારુ સરનામુ દે, મારા પર અઢાર ગુના છે તને મારી નાખવો છેઃ યુવાનને ધમકી

## તાલુકા પોલીસે બે અલગ અલગ આઈડીના ધારકો સામે એટ્રોસીટી એકટ હેઠળ ગુનો દાખલ કર્યોઃ અયોધ્મામાં શ્રીરામ મુર્તિ પ્રતિષ્ઠા વખતે મુકાયેલી રીલ્સ મામલે હવે થઇ કાર્યવાહી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

સોશિયલ મિડીયાનો સારો ઉપયોગ કરવાને બદલે અમુક યુઝર્સ આ માધ્યમની અલગ અલગ એપ્લીકેશનનો હથીયાર તરીકે ઉપયોગ કરી દૂરૂપયોગ કરતાં હોય છે. આ પ્રકારના કિસ્સા અનેક વખત બનતા રહે છે. જેમાં પોલીસ ગુના દાખલ કરતી હોય છે. રાજકોટ શહેરના રાણી ટાવર પાછળ રહેતાં યુવાન સાથે પણ આવુ બન્યું છે. જેમાં ઇન્સ્ટાગ્રામ આઇડી પર સમાજ વિશે કરાયેલી અયોગ્ય કોમેન્ટ વિશે જે તે આઇડી ધારકને આ યુવાને ઓડિયો કોલ કરતાં તેણે જેમ ફાવે તેમ બોલી તારુ સરનામુ બતાવ ત્યાં આવીને મારી નાખવો છે તેમ કહેતાં અને બીજી એક આઇડીના ધારકે પણ મેસેજ કરી તું તારુ કામ કર, મારા ઉપર અઢાર ગુના છે તને ઉપાડી લઇશ તેવી ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં શબ્દો કહેતાં આ યુવાને એફઆઇઆર દાખલ કરાવી છે.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં તાલુકા પોલીસે કાલાવડ રોડ પર રાણી ટાવર પાછળ યોગી પાર્ક-૬માં ભાડેથી રહેતાં અને લોન એજન્ટ તરીકે કામ કરતાં છવ્વીસ વર્ષના વિનોદ દેવશીભાઇ બગડાની ફરિયાદ પરથી ઇન્સ્ટાગ્રામ આઇડી ડીજેએમરાઠોડ ૭૭૩૩ અને ઇન્સ્ટાગ્રામ આઇડી સોઢાગણપતસિંહ ૧૯૭૧ના ધારકો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. વિનોદ બગડાએ જણાવ્યું છે કે હું ૨૦/૧ના રોજ બપોરે ઇન્સ્ટાગ્રામ એપમાં રીલ્સ જોતો હતો ત્યારે અમરદીપસિંહગોહિલ-૧૪ નામની આઇડી પર રીલ્સ મુકાઇ હતી. જેમાં જેએમરાઠોડ ૭૭૩૩ આઇડીના ધારકે ગાળો લખી આમને ભાન હોવી જોઇએ, ઓકાત શું છે...તેમ કહી ધર્મ વિશે



કોમેન્ટ કરી હતી. વિનોદે આગળ કહ્યું છે આથી મેં આ આઇડી ધારકને મેસેજ કરી ઓડિયો કોલ કરતાં તે રિસીવ થયો નહોતો. એ પછી આ આઇડી પરથી ઓડિયો કોલ આવ્યો હતો. જેથી મેં કહેલુ કે આ આઇડીમાં રીલ મુકી છે તેમાં છોકરો બાબા સાહેબ અને જયશ્રી રામ લખી જેમ તેમ બોલે છે, વાત કરતાં ગાળો આપે છે તેમ કહેતાં ફોન કરનારે મને ગાળો દઇ જ્ઞાતિ પ્રત્યે જેમ તેમ બોલી તારુ સરનામુ આપ તને ત્યાં આવીને મારી નાખવો છે તેમ કહી ફોન કાપી નાખ્યો હતો. આથી મેં ફરીથી જેએમરાઠોડ ૭૭૩૩ આઇડી પર ઓડિયો કોલ કરતાં મને ફરીથી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી ગાળો દઇ જેમ તેમ બોલી ફોન કાપી નાખ્યો હતો.

ત્યાર પછી સોઢાગણપસિંહ નામની આઇડી પરથી મેસેજ આવેલો કે તું તારુ કામ કર, તું કેવો છો એ મને ખબર છે. જેથી મેં તેના ફોન નંબર માંગ્યા હતાં અને શ્રીરામ જન્મ પ્રાણ પ્રતિષ્ઠા હોઇ કોઇપણ સમાજની લાગણી દુભાય તેવા મેસેજ ફોટા ફોરવર્ડ ન કરવાનો સંદેશો મોકલ્યો હતો. ત્યારબાદ તેણે ફરીથી મને ફોન કરી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી કહેલુ કે હું લખપતનો છું, મારી પર અઢાર ગુના છે, તને આવીને ઉપાડી લવ. તેમ કહી ધમકી આપી હતી. આ પછી ઓડિયો કોલ પર વારંવાર વાત થતી હતી. અંતે મારે પોલીને અરજી કરવી પડી હતી. પોલીસે મને ફરિયાદ લખાવી જવા કહેલુ પણ મારા પિતાજી બિમાર હોઇ હું જઇ શક્યો નહોતો. હવે મેં ફરિયાદ કરવાનું નક્કી કર્યુ હતું. તેમ વધુમાં વિનોદ બગડાએ જણાવતાં તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ કે. એચ. કારેણાએ ગુનો દાખલ કરી બંને આઇડીના ધારકોને શોધી કાઢવા તપાસ આગળ ધપાવી છે.

મહામુલી જિંદગીને અલગ અલગ કારણોસર તરછોડી દેવાની ઘટનાઓ યથાવતઃ સ્વજનોમાં શોકની કાલીમા

# નોકરીયાત યુવાને અકળ કારણે પટમાં ઝેર પી જીવ દીધો

## યુનિવર્સિટી રોડ પર રહેતાં યુવાનના પગલાથી દિકરીએ પિતાનું છત્ર ગુમાવ્યુંઃ પોપટપરાના યુવાને પત્નિની અને પોતાની બિમારીથી થાકી મોત મેળવી લીધુંઃ ત્રીજા બનાવમાં વઢવાણના પ્રૌઢનું મોટરસાઇકલની અડફેટે ચડી જતાં થયું મોત

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

અલગ અલગ કારણોસર લોકો આત્મહત્યા કરી લેતાં હોય છે. આવી ઘટનાઓ રાજકોટ શહેર અને આસપાસના ગામોમાં દરરોજ બનતી રહે છે. વધુ આવી બે ઘટના સિવિલ હોસ્પિટલમાં નોંધાઇ છે. જેમાં એક કંપનીમાં નોકરી કરતાં યુવાને અકળ કારણોસર કણકોટના મેદાનમાં ઝેર પી જિંદગીથી છેડો ફાડ્યો હતો. જ્યારે બીજા બનાવમાં પત્નિની બિમારીથી અને પોતાની બિમારીથી કંટાળીને ઝેર પી આપઘાત કર્યો હતો. ત્રીજા બનાવમાં વાહન અકસ્માતને કારણે ગંભીર ઇજા થતાં એક પ્રૌઢનું મૃત્યુ થયું હતું.

પ્રથમ બનાવની વિગતો પર નજર કરીએ તો શહરેના યુનિવર્સિટી રોડ પર રાણી રેસીડેન્સી આઇકોન એપાર્ટમેન્ટમાં રહેતાં બત્રીસ વર્ષના વિક્કીભાઇ જગજીવનભાઇ જીવાણી નામના યુવાને કણકોટ રોડ પર ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વધુ માહિતી અનુસાર વિક્કીભાઇ જીવાણીએ સાંજે પાંચેક વાગ્યે કણકોટ રોડ પર શનીવારી બજાર ભરાય છે તે મેદાનમાં જઇ ઝેરી દવા પી લીધી હતી. કોઇને જાણ થતાં ૧૦૮ બોલાવી હતી અને તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જો કે સારવાર દરમિયાન આ યુવાનનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ સહિતે કરતાં તાલુકા પોલીસ મથકના સ્ટાફે જરૂરી કાર્યવાહી કરી હતી. આપઘાત કરનાર વિક્કીભાઇ કંપનીમાં નોકરી કરતો હતો અને એક બહેન તથા બે ભાઇમાં મોટો હતો. તેને સંતાનામાં એક પુત્ર છે. આપઘાતનું કારણ પરિવારજનો જાણતાં ન હોઇ પોલીસે



તપાસ યથાવત રાખી છે.

બીજા બનાવમાં પોપટપરા મેઇન રોડ રઘુનંદન સોસાયટી-૧/૫ના ખુણે રહેતાં વિજયભાઇ નકુભાઇ જેબલીયા (ઉ.વ.૩૮) નામના યુવાને ૧૮મીએ સાંજે આઠેક વાગ્યે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. તેમનું સારવારમાં મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ પ્ર.નગર પોલીસને કરવામાં આવી હતી. આપઘાત કરનાર વિજયભાઇ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતાં હતાં. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પોતે બે ભાઇમાં નાના હતાં. વિજયભાઇ પોતે બિમાર હતાં અને પત્નિ પણ બિમાર રહેતાં હોઇ આ ચિંતાને કારણે ઝેરી દવા પી લીધાનું પરિવારજનોએ જણાવતાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

ત્રીજા બનાવમાં એક પ્રૌઢને વાહન અકસ્માતની ઘાત નડી ગઇ હતી. જેમાં વઢવાણમાં ડી માર્ટ મોલ પાસે ચાલીને જઇ રહેલા પ્રોઢ એક બાઇકની ઠોકરે ચડી જતાં ઇજા થતાં સારવાર દરમિયાન મોત થયું છે. વધુ માહિતી મુજબ વઢવાણમાં ધોરીપર નવા દરવાજા પાસે રહેતાં ચોપન વર્ષના ભરતભાઇ વશરામભાઇ ચારોલા આઠ દિવસ પહેલા સાંજે ચાલીને વઢવાણ ડી માર્ટ મોલ પાસેથી પસાર થઇ રહ્યા હતાં ત્યારે એક અજાણ્યા બાઇકની ઠોકરે આવી જતાં ઇજા થતાં સુરેન્દ્રનગર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ સારવાર દરમિયાન મોત થયુ.હતું. ભરતભાઇ મોલ નજીક આવેલા કારના શો રૂમમાં નોકરી કરતાં હતાં. સાંજે છુટીને ઘરે જતાં હતાં ત્યારે આ બનાવ બન્યો હતો. તેઓ ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટા તથા અપરિણીત હતાં. હોસ્પિટલ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂએ વઢવાણ પોલીસને જાણ કરી હતી. આમ વધુ ત્રણ લોકોની અકાળે જિંદગી ખતમ થઇ ગઇ હતી.

# પ્રથમ ‘‘વિશ્વ ધ્યાન દિવસ’’ નિમિત્તે આત્મીય કોલેજમાં આજે ધ્યાન યોગ શિબિર

**સાંજે ૪ થી ૬ યોજાશે શિબિર**

રાજકોટ મિરર, તા.૨૦

સંયુકત રાષ્ટ્ર દ્વારા ૨૧ મી ડિસેમ્બરને ‘‘વિશ્વ ધ્યાન દિવસ‘‘ તરીકે ઘોષિત કરાયો છે. જે સંદર્ભે ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા પ્રથમ ‘‘વિશ્વ ધ્યાન દિવસ’’ નિમિત્તે ૨૧ ડિસેમ્બરના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન આત્મીય યુનિવર્સિટી ખાતે ધ્યાન યોગ શિબિરનું આયોજન કરાયુ છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને ‘‘આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, જેના ભાગરૂપે રમતગમત વિભાગ હેઠળ ગુજરાત રાજય યોગ બોર્ડની રચના કરવામાં આવી છે. જેનો હેતુ ગુજરાતમા રહેતા લોકો નિરોગી રહે અને દરેક નાગરીકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

આ યોગ શિબિરનો હેતુ લોકોના માનસિક અને શારીરિક સ્વાસ્થ્યની સાથે સાથે આવનાર પેઢીમાં યોગ અંગેની જાગૃતિ આવે અને લોકો યોગ કરતા થાય તે માટે છે.

# નશામુક્ત ભારત અભિયાનની જિલ્લા સ્તરીય સમિતિની બેઠક

**આજે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને યોજાશે**

રાજકોટ મિરર, તા.૨૦

કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને આજે ૨૧મીએ કલેકટર કચેરીના સભાખંડ ખાતે ભારત સરકારના નશામુક્ત ભારત‘‘અભિયાનના અમલીકરણ અન્વયે રાજકોટ ખાતે કાર્યરત જિલ્લા સ્તરીય નશામુક્ત અભિયાન સમિતિની બેઠક યોજાશે.

આ બેઠકમાં નશામુક્ત ભારત અભિયાનના અમલીકરણની સમિતિના સભ્યો દ્વારા નશાકારક પદાર્થોનો ઉપયોગ અટકાવવા, તેની માંગ ઘટાડવા, શિક્ષણ જાગૃતિ તાલીમ અને પુનઃસ્થાપનના હેતુ વિષયક ચર્ચા કરવામાં આવશે.

# આજીડેમ પોલીસે પકડેલા રીઢા તસ્કર પાસેથી કઢાવ્યા ૧૩ બાઈક

## ખોખળદળ પુલ નીચેથી ઝડપી લીધો : ધોરાજીના શખ્શની શોધખોળ : શખ્શે ધડાધડ વાહન ચોરી કબુલી

રાજકોટ મિરર, તા.૨૦

શહેર આજીડેમ પોલીસની ટીમે ખોખળ દળ પુલ પાસેથી રીઢા તસ્કરને ઝડપી લીધા બાદ આ શખ્શે ધડાધડ વાહન ચોરી કબુલી પોલીસને ૧૩ બાઈક કાઢી આપતા પોલીસે રૂ. ૫.૩૫ લાખના બાઈક કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આજીડેમ પોલીસની ટીમે ઉપલેટા જડેશ્વર મંદિર પાસે નાગનાથ ચોકમાં રહેતાં રીઢા ઉઠાવગીરની છાપ ધરાવતાં રવિ ઉર્ફ કાલી રસિકભાઇ સોલંકી (ઉ.વ.૨૯) ને ઝડપી લઇ તેની પાસેથી રૂ. ૫,૩૫,૦૦૦ના ૧૩ વાહનો કબ્જે કર્યા છે. આ શખ્સ રાતે રેકી કરી હેન્ડલ લોક વગરના વાહનો હોય તેમાં હેડલાઇટ પાછળના સોકેટને ખેંચી તોડીને ડાયરેક્ટ કરી ઉઠાવી જતો હતો. રવિ ઉર્ફ કાલીને પીએસઆઇ જે. જી. રાણા, હેડકોન્સ. કિશોરભાઇ ઝાપડા, કોન્સ. મહેશભાઇ કોઠીવાળ, જગદીશસિંહ પરમાર



અને ગોપાલભાઇ બોળીયાની બાતમી પરથી ખોખડદળ પુલ નીચે કોઠારીયા રીંગ રોડ પરથી પકડી લીધો હતો.

આ શખ્સે રાજકોટ ઉપરાંત જેતપુર, ઉપલેટા, શાપર વેરાવળ સહિતના ગામોમાંથી બાઇક ચોરી કરી હતી. તે આ વાહનનો ચોરીને મીત સુરેશભાઇ વ્યાસને વેંચવા આપતો હતો. મીત ધોરાજી ખાતે અલગ અલગ લોકોને આ વાહનો સસ્તામાં વેંચી દેતો હતો. એક બાઇક લાખણકા ગામે પણ વેંચ્યુ હતું.ચોરીને વેંચી નખાયેલા કુલ ૧૩ વાહનો આજીડેમ પોલીસને કબ્જે કર્યા છે. તેર પૈકી ૧૧ વાહનોની ચોરીના ગુનાઓ પણ દાખલ થયા હતાં.

રવિ ઉર્ફ કાલી અગાઉ રાજકોટ શહેર બી-ડિવીઝન, ભક્તિનગર, થોરાળા, શાપર વેરાવળ, જેતપુર, ઉપલેટામાં વાહન ચોરીઓના આઠ, ઘરફોડ ચોરીના બે અને જૂગારના એક મળી ૧૧ ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હતો. તે રાત્રીના સમયે જ વાહન ચોરી કરવા માટે નીકળતો હતો અને હેન્ડલ લોક ન હોય તેવા વાહનો ઉઠાવી લેતો હતો.પોલીસ કમિશનર બ્રજેશકુમા ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ઝોન-૧ સજ્જનસિંહ પરમાર, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત પી.આઇ એ. બી. જાડેજા, પીએસઆઇ જનકસિંહ જી. રાણા, એએસઆઇ હારૂનભાઇ ચાનીયા, રવિભાઇ વાંક, હેડકોન્સ. પિયુષભાઇ ચિરોડીયા, દિગપાલસિંહ જાડેજા, એ કામગીરી કરી હતી.

# રિલાયન્સ મોલમાં યુવાન પર અજાણ્યા શખ્શોનો હુમલો સદરમાં યુવાન પર ચારનો હુમલો : કારણ અકબંધ

રાજકોટ મિરર, તા.૨૦

શહેરના કાલાવડ રોડ પર રહેતો યુવાન રીલાયન્સ મોલમાં હતો ત્યારે અજાણ્યા શખ્સોએ માર મારતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

જાણવા મળતી કાલાવડ રોડ પર રહેતો યુવાન રીલાયન્સ મોલમાં હતો ત્યારે અજાણ્યા શખ્સોએ માર મારતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જાણવા મળતી વિગત મુજબ



કાલાવડ રોડ પર કટારિયા ચોકડી પાસે હાઉસીંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતો જતીન રમેશભાઈ પરમાર (ઉ.વ.૨૩) નામનો યુવાન ગત રાત્રે રિલાયન્સ મોલના ઉપરના માળે હતો ત્યારે અજાણ્યા માણસોએ આવી કૌટુંબીક ભાઈ પ્રદિપ સાથે ઝઘડો કરતા હતા જેથીતે વચ્ચે પડતા અજાણ્યા શખ્સોએ તેને ઢીકાપાટુનો માર મારતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જયારે બીજા બનાવમાં સદર બજારમાં જુમ્મા મસ્જીદ પાસે રહેતા આશીફભાઈ યુસુફભાઈ મકરાણી (ઉ.વ.૪૮) રાત્રે ઘર પાસે હતાં ત્યારે અફઝલ, બિમ્બો, દિલો અને દિપુડાએ ઝઘડો કરી તિક્ષણ હથિયાર વડે માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.

શનિવારી બજારના મેદાનમાં અકળ કારણોસર ભર્યું પગલું

# યુવાને ઝેરી દવા પી કર્યો આપઘાત

રાજકોટ મિરર, તા. ૨૦

શહેરમાં યુનિવર્સિટી રોડ ઉપર આવેલ આઈકોન એપાર્ટમેન્ટમાં રહેતા યુવાને કણકોટ રોડ ઉપર આવેલી શનિવારી બજારના ગ્રાઉન્ડમાં કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી વ્યાપી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ યુનિવર્સિટી રોડ ઉપર આવેલ આઇકોન એપાર્ટમેન્ટમાં રહેતા વિકી જગજીવનભાઈ જીવાણી નામનો ૩૨ વર્ષનો યુવાન સાંજના પાંચેક વાગ્યાના અરસામાં કણકોટ રોડ ઉપર આવેલી શનિવારી બજારના ગ્રાઉન્ડમાં હતો ત્યારે કોઈ અગમ્ય કરણસર ઝેરી દવા પી લીધી હતી.

યુવાનને ઝેરી અસર થતા બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજતા પરિવાર શોકમાં ગરક બન્યો હતો. . પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન બે ભાઈ એક બહેનમાં મોટો હતો અને તેને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બીજા બનાવમાં પોપટપરા મેઈન રોડ ઉપર આવેલ રઘુનંદન સોસાયટીમાં રહેતા વિજય નકુભાઈ જોબલીયા નામના ૩૮ વર્ષના યુવાને બીમારીથી કંટાળી બે દિવસ પૂર્વે ઝેરી દવા પી લીધી હતી. ઝેરી દવા પી લેનાર યુવકનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં વિજયભાઈ બે ભાઈમાં નાના હતા અને તેને સંતાનમાં એક પુત્રી છે. વિજયભાઈ અને તેની પત્ની બીમારીમાં સપડાયા બાદ વિજયભાઈએ બીમારીથી કંટાળી આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

# ડબલ મર્ડરના આરોપીને UPના ગાઝીયાબાદમાંથી ઝડપી લેવાયો

## ક્રાઇમબ્રાંચ પોલીસે વેશપલટો કરી આરોપીને દબોચી, ભક્તિનગર પોલીસને સોંપ્યો







આરોપી :- પવન ઉર્ફે પ્રવિણ રામશંકર શર્મા,



રાજકોટ મિરર, તા.૨૦

સમગ્ર પોલીસબેડાને હરખ થાય તેવું શહેરની ક્રાઈમ બ્રાંચ પોલીસે ડિટેકશન કરી ડબલ મર્ડરના આરોપીને છે..ક..યુપીના ગાઝીયાબાદમાંથી ઝડપી લીધો છે. જેવો દેશ તેવો વેશ નહિ પણ આરોપીને પકડવા પોલીસે વેશપલટો કરવો પડ્યો અને તેમાં સફળતા પણ મળી તે સમગ્ર પોલીસ તંત્ર માટે આનંદની વાત કહેવાય..અને હા..ડબલ ખૂન કેસનો આરોપી સરળતાથી નથી પકડાયો, પણ ગાઝીયાબાદ પહોચી પોલીસે રેકડીમાં ગરમ વસ્ત્રો વેચ્યા, રીક્ષા ચલાવી, માલવાહક ટોલી હલાવી અને ફ્રુટ પણ વેંચવા પડ્યા ! ત્યારે આરોપી સુધી પહોચી શકાયું હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસની સમગ્ર કાર્યવાહી, કામગીરી બાબતે મળતી વિગતો મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) ડો.પાર્થરાજસિંહ ગોહિલ, મદદનીશ પોલીસ કમિશ્નર(ક્રાઇમ) ભરત બસીયા દ્વારા શહેરમાં થયેલા ખુન, ખુનની કોશીષ તથા લુંટ તેમજ ઘરફોડ ચોરીઓ જેવા ગંભીર ગુન્હા હજુ અણઉકેલ હોય તેવા ગુન્હાના મૂળ સુધી પહોચી આરોપીઓને દબોચવા સુચના અપાઈ હતી.

આવા આદેશો અન્વયે શહેર ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ. આર.ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એન.પરમાર તથા સ્ટાફના એ.એસ.આઇ. જલદિપસિંહ વાઘેલા, હેડ કોન્સ.કૃષ્ણદેવસિહ ઝાલા, કોન્સ.હરસુખભાઇ સબાડ, મોહિલરાજસિહ ગોહિલને બાતમી મળી હતી કે ૨૦૧૨ના વર્ષમાં ભક્તિનગર પોલીસમાં ડબલ મર્ડરનો ગુન્હો નોંધાયો હતો અને આ ગુન્હામાં સંડોવાયેલા આરોપી ઉત્તરપ્રદેશના ગાઝીયાબાદમાં રહે છે.

બાતમીના આધારે ક્રાઇમ બ્રાન્ચ ટીમ ગાઝીયાબાદ(યુ.પી.)માં રહી સ્થાનિક વેશ-પલટો કરી, વોન્ટેડ આરોપી સુધી પહોંચવા ફ્રુટ, ગરમ વસ્ત્રો વેંચ્યા, રીક્ષા ચલાવી અને માલવાહક ટોલી પણ ચલાવી. તમામ પોલીસમેનનું એક જ લક્ષ્યાંક હતું કે આરોપીને પકડવો તો છે જ. અંતે મિશન સુધી પહોચીને શહેર ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે પવન ઉર્ફે પ્રવિણ રામશંકર શર્મા,( ઉવ.૪૯ ધંધો-મજુરી મુળરહે. સાહીબાબાદ ઇન્ડસ્ટ્રીઝ એરીયા, મહરાજપુર રોડ, ગાઝીયાબાદ (ઉત્તરપ્રદેશ) મુળગામ-પાર્લીખુદ તા.ભરથાના જી.ઇટાવા (ઉત્તરપ્રદેશ) તથા નહોદાનગર, શેરી નં.- ૪, કોઠારીયા રોડ, હુકડો કવાર્ટર પાછળ, નદીના કાંઠે, રાજકોટ)ને દબોચી લીધો હતો. અને ભક્તિનગર પોલીસને સોંપ્યો છે.

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ, પોલીસ ઇન્સ્પેકટર એમ.આર. ગોંડલીયા, એલ.એલ.ડામોર, સી.એચ.જાદવ, પીએસઆઈ એ.એન.પરમાર, એ.એસ.આઇ.જલદિપસિંહ વાઘેલા, હિતેન્દ્રસિંહ ઝાલા, હરદેવસિંહ જાડેજા, હેડ કોન્સ. કૃષ્ણદેવસિહ ઝાલા, કોન્સ. હરસુખભાઇ સબાડ, મહાવીરસિંહ ચુડાસમાં મોહિલરાજસિહ ગોહિલ, ગોપાલભાઇ પાટીલ, અર્જુનભાઇ ડવ વિગેરે કામગીરીમાં જોડાયા હતા.






# ગત વર્ષ કરતા રાજ્યમાં ક્રાઈમ રેશિયો ઘટ્યો : DGP

## રાજકોટમાં યોજાઈ ક્રાઈમ કોન્ફરન્સ : રાત્રી દરમિયાન હોટેલ બંધ ન રાખો, ગુજરાત સુરક્ષિત રાજ્ય :: રાત્રી દરમિયાન જ ગુન્હા થાય છે તેવું ન કહી શકાયઃ અમદાવાદ પોલીસની કામગીરીને વખાણી, લુખ્ખોની ઘટના અંગે દુઃખ વ્યક્ત કરતા DGP

રાજકોટ મિરર, તા.૨૦

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થતિ જાણવા, સુધારવા અંગેની ચર્ચા તેમજ ગુન્હાખોરીના આંકડાની સમીક્ષા માટે આજે રાજકોટમાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયએ રાજ્યના તમામ રેંજ આઈજી અને રાજકોટ, અમદાવાદ, વડોદરા સહીત ચાર મહાનગરોના પોલીસ કમિશ્નરો સાથે ક્રાઈમ કોન્ફરન્સ યોજી હતી. બાદમાં પત્રકારોને માહિતી આપી હતી. આ તકે રાજ્યના પોલીસ વડાએ રાજ્યમાં ક્રાઈમ રેઈટ ઘટ્યો હોવાનું જણાવ્યું ગુન્હા રાત્રીના જ બને છે તેવું કહેવું અનુચિત હોવાનું જણાવ્યું હતું.

અમદાવાદ પોલીસ સમક્ષ બની ગયેલી લુખ્ખાગીરીની ઘટનાને દુ;ખદ ગણાવીને વિકાસ સહાય એ વાત વાળવા અમદાવાદ પોલીસની કામગીરીને સારી બતાવી, ક્રાઈમ રેશિયો ઘટ્યો હોવાનું જણાવ્યું હતું.

પત્રકારોને રાજ્યના પોલીસ વડાએ એવું પણ જણાવ્યું હતું કે, આજની ક્રાઈમ કોન્ફરન્સમાં આગલા મહિનાના ક્રાઈમ અંગે સમીક્ષા કરતા રાજ્યના તમામ એકમોના વડાઓએ પ્રસંશનીય કામગીરી કરી હોવાનું બહાર આવ્યું છે. મુખ્યત્વે સાયબર ક્રાઈમ અને નારકોટીક્સ તેમજ મહિલા સુરક્ષાને લઈને ચર્ચાઓ થઇ છે. આ અનુસંધાને નવો રોડ મેપ તૈયાર કરવા કવાયત આદરી દેવાઈ હોવાનું તેઓએ જણાવ્યું હતું.

ડીજીપીએ પોલીસ તંત્ર દ્વારા કરાતી કામગીરી અને કાર્યવાહી સંદર્ભે વધુ માહિતી આપતા કહ્યું કે, ગુજરાત પોલીસના ત્રણ પ્રોજેક્ટ તેરા તુજકો અર્પણ, ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી અને ત્રીજો પ્રોજેક્ટ મેન્ટર કાર્યક્રમ છે.

આ તમામ કાર્યક્રમો અંતર્ગત એટલે કે ૫૭૦ જેટલા તેરા તુજકો કાર્યક્રમોના આયોજનો કરીને અંદાજે રૂ.૧૭.૪૭ કરોડનો મુદ્દામાલ મૂળ માલિકને સુપરત કરાયો છે. દર બે મહીને યોજાતા ત્રણ વાત તમારી અંતર્ગત ૧૪૨૮ કારાક્રમ યોજી લોક જાગૃતિ ફેલાવાઈ છે. તો એક કરતા વધુ ગુન્હા કરવાવાળાં રાજ્ય સ્તરે ૮૬૪૦ ગુન્હેગારો હોવાથી પ્રત્યેક આરોપીની એક પોલીસમેનને જવાબદારી સોંપાઈ છે અને આવા ગુન્હેગારો ફરીથી કોઈ ગુન્હો ન કરે તે સમજાવવાની સંબંધિત પોલીસમેનએ જવાબદારી સોંપાઈ હોવાથી મિલકત સંબધી ગુન્હાઓનો રેશિયો અંકુશમાં આવ્યો હોવાનું અને ઘટ્યું હોવાનું જાહેર કરાયું હતું.

### ૧૪.૭૮ કરોડ રૂપિયા પરત અપાવતી પોલીસ

સાયબર ક્રાઈમનો રેશિયો દિનપ્રતિદિન વધી રહ્યો છે. ખાસ કરીને લોકો લાલચમાં ફસાઈને કરોડો રૂપિયા ગૂમાવી રહ્યા છે. આ બાબતે પણ સતત જાગૃતિ દાખવીને પોલીસે એક મહિનામાં ૧૪.૭૮ કરોડ રૂપિયા રાજ્યના છેતરાયેલા લોકોને પરત કરવાની સરાહનીય કામગીરી કરી છે.

### અમદાવાદની ઘટનામાં બેદરકારો સામે શિક્ષાત્મક પગલા

જયારે અમદાવાદમાં બનેલી ઘટના અંગે ડીજી સહાયએ જણાવ્યું હતું કે, પોલીસ હાજરીમાં ખુલ્લી તલવાર સાથે દાદાગીરી કરતી ઘટનામાં પોલીસે તરત કાર્યવાહી કરી છે. રાત્રે જ કેટલાક પોલીસના અધિકરી પહોંચી ગયા હતા. જે પોલીસે પોતાની કામગીરી ચૂક રાખી છે તેવા અમુક સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદમાં બનેલી ઘટના દુઃખદ છે.

### ગુજરાત સુરક્ષિત રાજ્ય : DGP વિકાસ સહાય

રાત્રી દરમિયાન જ ગુનાહિત પ્રવૃત્તિ થાય તેવું કહી ન શકાય કારણ કે એક ડેટા મુજબ સાંજના ૭ થી ૧૧ વાગ્યા સુધી શરીર સંબધીત ગુના બનતા હોવાનું સામે આવ્યું છે. રાત્રી દરમિયાન હોટેલ રેસ્ટોરન્ટ બંધ ન કરવા જોઈએ કારણ કે ગુજરાત સૌથી સુરક્ષિત રાજ્ય છે દરેકને રાત્રી દરમિયાન ખુલ્લીને છૂટથી ફરવાનો હક છે. દરેક નાગરિકની સુરક્ષા મારી જવાબદારી છે અને એ મારી જવાબદારી હું સ્વીકારું છું.

### નાસતા-ફરતા ૫૦૦ આરોપી ઝડપાયા, ૩૮ વ્યાજખોરો સામે ગુન્હો

રાજ્યમાં પોલીસે પાછલા મહિને નાસ્તા ફરતા આરોપી માટે કાર્યવાહી કરવામાં આવી જેમાં એક મહિનામાં ૫૦૦થી વધુ નાસ્તા ફરતા આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. અને ૧૭૧ પ્રોહિબિશન કેસમાં સંડોવાયેલ આરોપી ઝડપી પાડવામાં આવ્યા છે. એટલું જ નહિ વ્યાજખોરો સામે પણ કડક કાર્યવાહી કરી એક મહિનામાં ૩૮ વ્યાજખોરો સામે કાર્યવાહી કરી ૬૦ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જયારે દારૂનો નાશ કરવાની કાર્યવાહીમાં ગત મહિને ગુજરાત પોલીસે કુલ ૩૨ કરોડ કિંમતના દારૂનો નાશ કરવામાં આવ્યો હોવાનું કોન્ફરન્સ દરમિયાન જાહેર કરાયું હતું. ગયા વર્ષ કરતા ચાલુ વર્ષે ગુન્હાખોરી ઘટી હોવાની વાત દોહરાવતા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય જણાવ્યું હતું કે, હત્યાના ગુનામાં ૩૪, હત્યા કોશિશના ૬૩, સામાન્ય ઈજા ૧૯૬, લૂંટ ૩૬, ચોરી ૩૮૫૩, દિવસના ઘરફોડ ચોરીના ૬૬, રાત્રી દરમિયાન ઘરફોડ ચોરી ૪૧૨, પોક્સોમાં ૫૦ અને એટ્રોસિટી ૭૧ કેસનો ઘટાડો થવા પામ્યો છે. જયારે નારકોટીક્સના ૧૨ ગુના વધારે દાખલ કરવામાં આવ્યા છે. ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવે છે. નવા કાયદામાં દંડ બદલે ન્યાય ઉપર મહત્વ આપવામાં આવ્યું છે, ટેક્નોલોજીનો ઉપયોગ કરી કેસ સ્ટ્રોંગ બનાવવા વધુ સજા અપાવવા કામ કરવામાં આવે છે. પંચનામા કામગીરીમાં ઈ સાક્ષીનો ઉપયોગ થાય તે માત્ર ખાસ વધુ અસરકારક રીતે કામ કરવા સૂચના આપવામાં આવી છે.

# બાર એસોસિયેશનની ચૂંટણીમાં સમરસ પેનલે માર્યું મેદાન

## મોડી રાત્રે પરિણામ જાહેર : સમરસ પેનલના પ્રમુખ પદે પરેશ મારું અને ઉપપ્રમુખ પદે સુમિત વોરાનો વિજય : કાર્યદક્ષ પેનલના સેક્રેટરી સંદીપ વેકરીયા અને જોઈન્ટ સેક્રેટરી તરીકે જીતેન્દ્ર પારેખનો વિજય

રાજકોટ મિરર, તા.૨૦

રાજકોટ બાર એસોશિયેશનની આજે યોજાયેલી ચૂટણીમાં ૫૧ મતદારોનું ભાવી મતપેટીમાં દિવસ દરમિયાન કેદ થઇ ગયા બાદ મોડી રાત સુધી ચાલેલી ગણતરી દરમિયાન અંતે સમરસ પેનલના ઉમેદવારે મેદાન માર્યું હતું. આ લખાય છે ત્યારે રાત્રીના એક વાગ્યે મળેલી વિગતો પ્રમાણે સમરસ પેનલના અને પ્રમુખના દાવેદાર પરેશભાઈ મારૂને ૭૯૯ મત મળતા તેમનો ૧૭૯ મતે પ્રતિસ્પર્ધી સામે વિજય થયો હતો. ઉપપ્રમુખ તરીકે સુમિત વોરાને ૧૧૫૨ મત મળતા ૪૫૨ મતથી તેમનો વિજય થયો હતો. સેક્રેટરી અને જોઈન્ટ સેક્રેટરી તરીકે કાર્યદક્ષ પેનલના સંદીપ વેકરિયાને ૯૯૯ મત મળ્યા હતા જ્યારે જોઈન્ટ સેક્રેટરી તરીકે જીતેન્દ્ર પારેખને ૧૦૦૫ મત મળતા તેઓ વિજયી થયા હતા.

એ સિવાય ટ્રેઝરર તરીકે પંકજ દોંગાણે ૮૮૪, લાયબ્રેરી સેક્રેટરી તરીકે કેતન મંડણે ૧૧૨૯ મત અને મહિલા અનામત પર રક્ષાબેન ઉપાધ્યાયણે ૮૬૮ મત મળ્યા હતા. આજે યોજાયેલી રાજકોટ બાર એસોસીએશનની ચૂંટણીમાં પ્રમુખ સહિતના વિવિધ ૧૬ હોદા ઉપર ૫૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો અને સાંજ સુધીમાં તમામનું નશીબ મતપેટીમાં બંધ થઇ ગયું હતું.

પ્રમુખ પદ માટે ૬ દાવેદારો મેદાનમાં છે. જેમાં ભાજપ સમર્થિત વકીલોના ત્રણ જૂથ વચ્ચે સીધો કશ્મકશ સર્જાયો હતો. સમરસ પેનલના પરેશ મારૂ, કાર્યદક્ષ પેનલના દિલીપ જોષી અને એક્ટિવ પેનલના બકુલ રાજાણી એમ ત્રણેય વચ્ચે રસાકસી થઇ હતી. પ્રમુખ પદ માટે અતુલભાઈ જોશી, કૌશિક પંડ્યા અને હરિસિંહ વાઘેલાએ પણ જંગમાં ઝપલાવ્યું હતું. ઉપપ્રમુખ પદમાં ત્રણ, સેક્રેટરીમાં ચાર, જોઈન્ટ સેક્રેટરીમાં બે, ટ્રેઝરરમાં ત્રણ, લાઈબ્રેરી સેક્રેટરીમાં બે, કારોબારી મહિલા અનામતમાં ચાર અને કારોબારીમાં નવ સભ્યની સંખ્યા માટે ૨૭ ઉમેદવારોએ ચૂંટણી લડી છે. પ્રમુખ સહિત ૧૬ હોદા ઉપર ૫૧ વકીલ ઉમેદવારો વચ્ચેનું મતદાન પેટીમાં પુરાઈ ગયું હતું.

૯ વાગ્યાથી મતદાન થયેલા મતદાનમાં ત્રણ વાગ્યા સુધીમાં વન બાર વન વોટ મુજબ ૩૬૯૯ વકીલ મતદારોમાંથી પૂર્વ સાંસદ માવજીભાઈ માવાણી, રમાબેન માવાણી, મનપાના પૂર્વ મેયર પ્રદીપ ડવ, સ્વામી દેવપ્રકાશદાસ મહંત ઉનાવા ગાંધીનગર, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોષી, મહામંત્રી માધવ દવે, સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના



પૂર્વ સેનેટરી સભ્ય ભરતસિંહ જાડેજા, કોંગ્રેસ અગ્રણી સુરેશભાઈ બાથવાર, અશોકભાઈ ડાંગર, માર્કેટિંગ યાર્ડના ચેરમેન જયેશ બોઘરા, અશોકસિંહ વાઘેલા, ભાજપ અગ્રણી મનહર બાબરીયા, કિરીટભાઈ પાઠક, દિલીપભાઈ પટેલ, પ્રદેશ ભાજપ લીગલ સેલના સહ કન્વીનર, અનિલભાઈ દેસાઈ, રાજકોટ શહેર લીગલ સેલના કન્વીનર પિયુષભાઈ શાહ, શહેર લીગલ સેલના સહ કન્વીનર કમલેશભાઈ ડોડીયા, સંજયભાઈ વ્યાસ, તુષારભાઈ ગોકાણી, રીપન ગોકાણી, જયદેવસિંહ ઝાલા, રાજેન્દ્રસિંહ ડી. ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, વિજયભાઈ ભટ્ટ, દેવાંગ ભટ્ટ, મનીષભાઈ ખખર, મુકેશભાઈ દેસાઈ, ધીરુભાઈ પીપળીયા, ડીજીપી એસ.કે. વોરા, મહેશભાઈ જોશી, મુકેશભાઈ પીપળીયા, સમીરભાઈ ખીરા, અતુલભાઇ જોશી, પ્રશાંતભાઈ પટેલ, અનિલભાઈ ગોગીયા, તરૂણ માથુર, બીનલબેન રવેસિયા, સ્મિતાબેન અત્રી અને આબિદભાઈ સોસન, રૂપરાજસિંહ પરમાર, સુરેશ ફળદુ, ભગીરથસિંહ ડોડીયા અને જીગ્નેશ સભાડ સહિતના વકીલીએ મતદાન કરતા કુલ ૫૭.૩૭ ટકા મતદાન નોંધાયું હતું. જે ગત વર્ષની સરખામણીએ સાત ટકા મતદાન ઓછું નોંધાયું હોવાનું વકીલોએ જણાવ્યું હતું.

ચૂંટણીમાં મતદાર યાદી પ્રસિદ્ધ કરવાથી લઈને ચૂંટણીમાં મતદાન સુધીની ચૂંટણી સ્ટાફની કામગીરીમાં મુખ્ય ચૂંટણી અધિકારી કેતનભાઈ શાહ, જયેશભાઈ અતીત અને જતીનભાઈ ઠક્કર સહિતની ટીમે મતદાન મથક ઉપર ખડેપગે ફરજ બજાવી હતી.

એક્ટિવ પેનલના બકુલ રાજાણી, સમરસ પેનલના પરેશ મારું અને કાર્યદક્ષ પેનલના દિલીપભાઈ જોશી સ્વતંત્ર ઉમેદવાર અતુલભાઈ જોશી, કૌશિક પંડ્યા અને હરિસિંહ વાઘેલા, ઉપપ્રમુખ માટે મયંક પંડ્યા, નિરવ પંડ્યા અને સુમિત વોરા, સેક્રેટરીમા કેતન દવે, સંદીપ વેકરીયા, પરેશ વ્યાસ અને વિનસ છાયા, જોઈન્ટ સેક્રેટરીમાં ગિરિરાજસિંહ જાડેજા અને જીતેન્દ્ર પારેખ, ટ્રેઝરરમાં રાજેશ ચાવડા, પંકજ દોંગા અને કૈલાશ જાની, લાઇબ્રેરી સેક્રેટરીમાં રવિ ધ્રુવ અને કેતન મંડ, મહિલા અનામતમાં અરુણાબેન પંડ્યા, હર્ષાબેન પંડ્યા, રૂપલબેન થડેશ્વર અને રક્ષાબેન ઉપાધ્યાય, નવ કારોબારીમાં એક્ટિવ પેનલના રમેશભાઈ આદ્રોજા, ધર્મેન્દ્ર ઝરીયા, હસમુખ બારોટ, ધારેશ દોશી, અનિલ પરસાણા, દીપેન પાટડીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, ભાવનાબેન વાઘેલા, સમરસ પેનલના કારોબારી સભ્યો સંજય ડાંગર, તુષાર દવે, પ્રગતી માંકડીયા, પરેશ પાદરીયા, અશ્વિન રામાણી, નિકુંજ શુકલ, મુનિષ સોનપાલ, રવિ વાઘેલા, કિશા વાલવા, કાર્યદક્ષ પેનલના કારોબારી સભ્ય ચિત્રાંક એસ. વ્યાસ, મહેશ એન. પુંધેરા, હુસેન એમ. હેરંજા, અનિલ બી. ડાકા, હિરેન પી. ડોબરીયા, નીલ વાય. શુક્લા, કિશન એસ. રાજાણી, સંજય એન. કવાડ, ભાવિક ટી. આંબલીયા સહિત ૨૭ ઉમેદવારોના ભાવિનો આજે સાંજે ફેંસલો થશે.

### અણાધાર્યા મૃત્યુની ઘટનાઓનો સિલસિલો અટકતો નથીઃ અનેક પરિવારો આઘાતમાં ગરક થયા

# દિલની દગાખોરી વધુ ત્રણ લોકોની જિંદગીને ખતમ કરી ગઈ

## પચ્ચીસ દિવસના બાળક સહિત ત્રણ લોકોના બેભાન હાલતમાં થયા મૃત્યુઃ સિવિલ હોસ્પિટલમાં ફર્યું કાળચક્ર

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૨૦**

રોજબરોજ દિલની દગાખોરીથી લોકોના મૃત્યુ થઇ રહ્યા છે. વયોવૃધ્ધની સાથે સાથે યુવાન અને આધેડના હ્રદય પણ તેમને દગો આપી રહ્યા છે. વધુ આવી ત્રણ ઘટનામાં લાયબ્રેરીના નિવૃત ક્લાર્ક અને બે મહિલા સહિત ત્રણ લોકોના મૃત્યુ થયા છે. જ્યારે બેભાન હાલતમાં પચ્ચીસ દિવસના બાળક, એક આધેડ અને એક વૃધ્ધાનો જીવ ગયો હતો. આ તમામ મૃતકોના સ્વજનોમાં શોક છવાઇ ગયો હતો.

વિગતો પર નજર કરીએ તો રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાછળ અનામિકા સોસાયટીમાં રહેતાં પાંસઠ વર્ષના મનહરભાઇ દેશાજીભાઇ પરમાર ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેઓ જીલ્લા લાયબ્રેરીના નિવૃત ક્લાર્ક હતાં. ચાર ભાઇ બે બહેનમાં ત્રીજા હતાં. સંતાનમાં ત્રણ દિકરી અને એક દિકરો છે. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. તેમને હાર્ટએટેક આવી ગયાનું જાહેર થયું હતું.

અન્ય એક બનાવમાં માયાણી ચોક ચંદ્રેશનગર-૨માં રહેતાં એકાવન વર્ષના સરોજબેન હિતેષભાઇ ખોખર ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયેલ. પરંતુ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં ગમગીની છવાઇ ગઇ હતી. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. તેમના પતિ પ્રાઈવેટ નોકરી કરે છે. ત્રીજા બનાવમાં ગોંડલ રોડ વાવડી પાસે વિશ્વકર્મા સોસાયટીમાં રહેતાં એકાવન વર્ષના રાજકુમારીબેન રામસિંગભાઇ ગુરખા ઘરે





બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમના પતિનું છ મહિના પહેલા જ અવસાન થયું હતું. સંતાનમાં બે પુત્ર છે જે પ્રાઈવેટ નોકરી કરે છે. આ બંને દિકરાએ છ મહિનામાં જ માતા-પિતા બંને ગુમાવી દેતાં ગમગીની વ્યાપી ગઇ હતી. ત્રણેય બનાવમાં સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, ધર્મેન્દ્રભાઇ હુદડ, ભાવેશભાઇ મકવાણાએ યુનિવર્સિટી, માલવીયાનગર, તાલુકા પોલીસને જાણ કરી હતી. રોજ બની રહેલી હાર્ટએટેકથી મોતથી ઘટનાઓમાં આ વધુ ત્રણનો ઉમેરો થયો હતો.

ચોથા બનાવમાં સાધુ વાસવાણી રોડ પર કશ્યપનગરમાં રહેતાં લાલાભાઇ સોહલાનો ૨૫ દિવસની વય ધરાવતો પુત્ર રવિ ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે ખસેડાયો હતો. પરંતુ મોત થયું હતું. મૃતક રવિ બે બહેનથી નાનો હતો. તેના પિતા લાલાભાઇ ચાની હોટેલ ચલાવે છે. રવિને શ્વાસની બિમારી હોઇ સવારે તબિયત બગડ્યા બાદ મૃત્યુ થયું હતું. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

પાંચમા બનાવમાં જામનગર રોડ ખંઢેરી સ્ટેડિયમ નજીક સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં સડસઠ વર્ષના રાણીબેન ડાયાભાઇ ચૌહાણ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પડધરી પોલીસને જાણ કરવામાં આવી હતી. જ્યારે છઠ્ઠા બનાવમાં ગાંધીગ્રામ નંદનવન પાછળ નાણાવટી ચોકમાં આરએમસી ક્વાર્ટર ૬૫૬માં રહેતાં મનસુખભાઇ મનજીભાઇ સોલંકી નામના ઓગણપચાસ વર્ષના આધેડ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ મૃત્યુ થયુ હતું. તેમને સંતાનમાં બે પુત્રી અને એક પુત્ર છે. તે બિમાર હોઇ પથારીવશ હતાં.

## ગોંડલમાં ગૃહમંત્રી અમીત શાહનાં પુતળાનું દહન કરાયુઃ : ત્રણની અટકાયત

### માંડવીચોક પોલીસ ચોકી સામે દહન કરાયુ



રાજકોટ મિરર, ગોંડલ તા.૨૦

ગોંડલ નાં માંડવીચોક પોલીસ ચોકી સામે સવારે ત્રણ વ્યક્તિઓ એ ગૃહમંત્રી અમીત શાહ નાં પુતળાનું દહન કરતા પોલીસ દોડતી થઇ હતી.અને ભગવતપરા માં રહેતા ત્રણ વ્યક્તિઓ ની ગુન્હો નોંધી અટકાયત કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ સવારે સાડાદસ નાં સુમારે માંડવીચોક માં ગોરાભાઇ નારણભાઇ સરવૈયા,નીતિનભાઈ બાવનજીભઇ સાંડપા તથા મનોજભાઇ સુરેશભાઈ પરમારે અમીત શાહ ની ટિપ્પણીનાં વિરોધ માં પુતળા દહન કર્યુ હતુ.જ્યાં પુતળા દહન કરાયુ તેના થોડા અંતરે પોલીસ ચોકી આવેલીછે.અલબત પોલીસચોકી મોટાભાગે બંધ રહેતી હોય છે.

પુતળા દહન થી પોલીસમાં દોડાદોડી થઇ પડી હતી.બાદ માં પોલીસે જાહેરનામા ભંગનો ગુન્હો નોંધી અટકાયત કરી હતી.પોલીસ સુત્રોએ જણાવ્યુ કે પુતળા દહન પોલીસ ની જાણ બહાર કરાયુ હતુ.

# સદ્દભાવના આયોજિત મોરારિબાપુની કથામાં કરી મફત ફોટોગ્રાફી

## નીલેશભાઈ જોશીએ પોતાનાથી બનતી સેવા કરી નવો ચીલો ચાતર્યો

રાજકોટ મિરર, તા. ૨૦

વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે યોજાયેલી 'માનસ સદભાવના'' વૈશ્વીક ફોટોગ્રાફી વિડીયોગ્રાફીની નિઃશુલ્ક સેવા આપનાર ડ્રીમ સ્ટુડીયોના નિલેશભાઈ જોષી રામકથામાં સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા વૈશ્વીક સંત મોરારીબાપુની 'માનસ સદભાવના' વૈશ્વિક રામકથામાં ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી, ડ્રોન શુટ, રીલ્સ વિગેરેની કથાના નવ દિવસ દરમ્યાન નિઃશુલ્ક સેવા પુરી પાડી ડ્રીમ સ્ટુડિયો વાળા નીલેશભાઈ જોશીએ માનવતા બતાવી હોવાનું સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા જણાવ્યું છે.



સદભાવના વૃધ્ધાશ્રમ જે કંઈ કાર્ય કરે છે તેમાં થોડો સહભાગી બનું એવી ઈચ્છા હતી. કથા દરમ્યાન જે કોઈ દાતાઓ આવે તેની ફોટોગ્રાફી કરવી અને દાતાઓને તેમના ફોટોગ્રાફ ત્યાં તાત્કાલીક મળી જાય તેવી વ્યવસ્થા કરેલ હતી. ફોટોગ્રાફીમાં એડવાન્સ ટેકનોલોજી અપનાવીને કથામાં રોજરોજ એક રીલ્સ બનાવીને આપવાની એક કોશીષ અમોએ કરેલ હતી.

નીલેશભાઈએ અક્ષર ડેરી ગોંડલ, અમદાવાદ મુકામે બી.એ.પી.એસ. સ્વામીનારાયણ સંસ્થાના મહંત સ્વામીની ફોટોગ્રાફી પણ કરેલ તે એક જીવનનો શ્રેષ્ઠ લ્હાવો ગણાવે છે. અત્રે ઉલ્લેખનિય છે કે નિલેશભાઈ જોષીએ સ્ટુડીયો ડ્રીમની શરૂઆત સને-૧૯૯૭ કરેલ હતી અને તેમાં પ્રોડકટ ફોટોગ્રાફી, કોર્પોરેટ ફોટોગ્રાફી, ટેબલ ટોપ ફોટોગ્રાફી એટલે કે કોમર્શીયલ ફોટોગ્રાફી, વેડીંગ ફોટોગ્રાફી, ઈન્ટીરીયર તથા આર્ટીટેકચર ફોટોગ્રાફીમાં કાર્યરત છે. નિલેશભાઈ વધુમાં જણાવે છે કે ફોટોગ્રાફીનો નાનપણથી ખૂબ જ શોખ હતો અને જે કંઈ ફોટોગ્રાફી કરું છે તેમાં કોઈને કોઈ રીતે હું મદદ કરી શકું છું અને છેલ્લા શ્વાસ સુધી ફોટો પ્રવૃતિઓ સાથે સંકળાયેલો રહીશ. આશરે ૧૬ વર્ષની વયે સૌપ્રથમ ફોટોગ્રાફી શરૂઆત નીલેશભાઈના પિતાના મિત્ર ફોટોગ્રાફર હતા તેની નાદુરસ્ત તબીયતના કારણે સને-૧૯૭૯માં ભૂતપૂર્વ મંત્રી અમરસિંહ ચૌધરીના જ ફંકશનમાં ફોટોગ્રાફી કરવાનો મોકો મળ્યો અને મીનીસ્ટના ફંકશનમાં જ ફોટોગ્રાફી કરીને નીલેશભાઈએ ફોટોગ્રાફી કરવાની શરૂઆત કરેલ હતી.

ડ્રીમ સ્ટુડીયોના નિલેશભાઈ જોષી સંતો-મહંતો, સેલીબ્રીટીઓ, સેવાભાવી સંસ્થાઓની, રાજકારણીઓ સહિતની અનેક સંસ્થાઓની ફોટોગ્રાફી-વિડીયોગ્રાફી કરેલ છે અને તેમની આવનારી પેઢી પણ ફોટોગ્રાફીના વ્યવસાય સાથે સંકળાયેલી છે તેના માટે નીલેશભાઈ ભગવાનનો આભાર માને છે.

# ગોંડલમાં ડિગ્રી વગરનો બોગસ ડોક્ટર પકડાયો

રાજકોટ મિરર, તા.૨૦

ગોંડલમાં એસઓજીએ ડિગ્રી વગરનાં બોગસ ડોક્ટર ને જડપી લઇ ઇન્જેક્શન-દવાનો જથ્થો કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી. હાલમાં અમદાવાદ શહેર ખાતેની ખ્યાતી હોસ્પીટલ ખાતેનું કૌભાંડ સામે આવેલ તેમજ કોઈ પણ પ્રકારના મેડીકલ અભ્યાસ વગર ગેરકાયદેસર રીતે દવાખાનાઓ ખોલી લોકોની જીંદગી સાથે ચેડા કરતા બોગસ ડોક્ટરો તેમજ બોગસ હોસ્પીટલ ઉપર કાયદેસર કાર્યવાહી કરવા ગુજરાત સરકાર દ્વારા ખાસ પ્રકારની ઝુંબેશ ચલાવામાં આવી રહી છે. જે અનુંસંધાને રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ દ્વારા ગેરકાયદેસર રીતે દવાખાનાઓ ખોલી કોઈ પણ પ્રકારના મેડીકલ સર્ટીફીકેટ રાખ્યા વગર લોકોની જીંદગી સાથે ચેડા કરતા બોગસ ડોક્ટરો સામે કાયદેસર કાર્યવાહી કરવા સુચના આપાઈ હતી, તેમજ પોલીસ અધિક્ષક હિમકર સિંહ દ્વારા રાજકોટ ગ્રામ્ય જીલ્લામાં આવા બોગસ ડોકટરો તેમજ બોગસ દવાખાના ધારકો સામે કેસો કરી યોગ્ય કાર્યવાહી કરવા સુચના અપાઈ હતી. જે અનુસંધાને રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જી.ની ટિમો તપાસમાં હતી.દરમ્યાન ખાનગી રાહે હકિકત મળેલ કે, ગોંડલ મોવિયા રોડ, બરકાતીનગરમાં આરોપી હુઝેફા હુશેન દોઢીયા (ઉ.વ-૨૧, રહે, ગોંડલ રાહે બરકાતીનગર) પ્રાયમરી હેલ્થ કેર સેન્ટર નામનું દવાખાનુ કોઇપણ ડોક્ટરી સર્ટી વગર ચલાવે છે. દરોડો પાડતા ગેરકાયદેસર પ્રેક્ટીસ કરતા ડોક્ટરને પકડી પાડી ગોંડલ એ. ડિવિઝન પોલીસ મથક ખાતે ખાતે ગુનો નોંધી દવાખાનામાંથી મળેલ ઇન્જેક્શન તથા સીરીજ તથા નાના-મોટા ગ્લુકોઝના બાટલાઓ તેમજ જુદા-જુદા રોગોની એન્ટીબાયોટીક દવાઓ મળી કુલ રૂ.૧૪૮૫૪નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. આ કામગીરી એસઓજી પીઆઇ એફ.એ.પારગી, પીએસઆઈ, બી.સી.મિયાત્રા, એએસઆઈ જયવીરસિહ રાણા, ઈન્દ્રસિંહ જાડેજા, સંજયભાઈ નીરજંની, અમિતભાઈ કનેરીયા, હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ, વિજયભાઈ વેગડ, હિતેશભાઈ અગ્રાવત, અરવિંદભાઇ દાફડા તથા શિવરાજભાઈ ખાચર, કોન્સ્ટેબલ વિજયગીરી ગૌસ્વામી, ચિરાગભાઈ કોઠીવાર, રઘુભાઈ ઘેડ ડ્રા.પો.હેડ.કોન્સ. નરશીભાઈ બાવળીયા દ્વારા કરવામાં આવી હતી.

# કોટડાસાંગાણી તાલુકાના પડવલા ગામે ૬.૫ કરોડની સરકારી જમીન પરથી ગેરકાયદેસર દબાણ દૂર કરાયું





રાજકોટ મિરર, તા.૨૦

કલેકટર પ્રભવ જોશીના આદેશથી અને આસિસ્ટન્ટ કલેકટર રાજકોટ શહેર-૨ના માર્ગદર્શન હેઠળ કોટડાસાંગાણી તાલુકાના પડવલા ગામે આવેલ સરકારી ખરાબાના સર્વે નંબર ૨૮૧ માં આવેલ આશરે ૪૨૦૦ ચો.મી.જમીનમાં ઔદ્યોગિક એકમોનું થયેલ ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યું છે. આ જમીનની અંદાજીત બજાર કિંમત રૂ.૬.૫ કરોડની હોવાનું જણાયું છે.

મામલતદાર જી.બી.જાડેજા તથા નાયબ મામલતદાર દબાણ હિતેન્દ્રસિંહ ચુડાસમા, સર્કલ ઓફિસર સંજયભાઈ રૈયાણી દ્વારા કલાર્ક શકિતસિંહ જાડેજા અને રેવન્યુ તલાટી અમિત બાવળિયા અને પોલીસ બંદોબસ્ત સાથે ૪૨૦૦ ચો. મી. જમીન પરથી દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી.

# દેવપરા માધ્યમિક શાળાનું લોકાર્પણ કરતા બાવળિયા

## વાલીઓ સંતાનોને અભ્યાસથી વંચિત ન રાખે : કુંવરજીભાઇ બાવળિયા

રાજકોટ મિરર, તા.૨૦ ગુજરાત સરકારના જળ સંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાની દેવપરા માધ્યમિક શાળાના રૂ. ૧૮૦ લાખના ખર્ચે બાંધકામ કરેલા નવીન ભવનનું લોકાર્પણ કરાયું હતું.

આ તકે કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત કાર્યરત આ શાળા માતા સરસ્વતીના મંદિર સમાન છે. ગામના આંગણે માધ્યમિક શાળા બનતા બાળકોને હવે ગામની બહાર ભણવા નહીં જવું પડે. ગુજરાત સરકાર સ્કૂલ ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા કટિબદ્ધ છે. ત્યારે વાલીઓની પણ નૈતિક જવાબદારી છે કે પોતાના સંતાનોને શાળા અભ્યાસથી વંચિત ન રાખે તેમજ દીકરા-દીકરીને એક સમાન માનીને કન્યા કેળવણીને પણ મહત્વ આપે.

ઉલ્લેખનીય છે કે આ શાળામાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ૫(પાંચ) નવા વર્ગખંડોનું બાંધકામ કરાયું છે. હાલ શાળામાં ધો. ૯ અને ધો. ૧૦ના કુલ ૩૯ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં કમ્પ્યુટર લેબ, લેબોરેટરી અને લાઈબ્રેરી, બહેનો-ભાઈઓના અલગ શૌચાલય, વગેરેની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. વરસાદી પાણીનો ભૂગર્ભ જળસંચય થઈ શકે, તે હેતુથી રેઈન વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ પણ તૈયાર કરાઈ છે.



આ કાર્યક્રમમાં સરપંચ શિલ્પાબેન સાસદીયા, મામલતદાર એમ. ડી. દવે, દેવપરા પ્રાથમિક શાળાના આચાર્ય નયનાબેન પટેલ, અગ્રણીઓ ભાવેશભાઈ વેકરીયા અને કલ્પેશભાઈ વાવડીયા સહિત અધિકારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહિલા બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા આજે રાજકોટ જીલ્લાના પ્રવાશે

## કાંગશીયાળી-ઢોલરા-વિરવા-ખાંભા-માખાવડ રોડના ખાત મુહુર્ત કાર્યક્રમમાં આપશે હાજરી



રાજકોટ મિરર, તા.૨૦

સામાજિક ન્યાય અને અધિકારિતા તથા મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા રાજકોટ જિલ્લાના પ્રવાસે આવનાર છે.

જે અન્વયે તેઓ ૨૧ ડીસેમ્બર ના રોજ સવારે ૦૮:૩૦ કલાકે વિરવા ગામે એન.એચ ટુ કાંગશીયાળી-ઢોલરા-વિરવા-ખાંભા-માખાવડ રોડના ખાત મુહુર્ત કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યાર બાદ સવારે ૦૯:૩૦ કલાકે કોટડા સાંગાણીના નોંધણચોરા ગામ ખાતે નવી મેંગણી-થોરડી-ચાંપાબેડા-કાલંભડી-નોંધણચોરા-અનિડા-વાછરા રોડના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં અને સવારે ૧૧:૦૦ કલાકે પીપળીયા ચોકડી ખાતે એચ.એસ. ટી પીપળીયા (પાળ) અપટુ શાપર રોડના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં હાજરી આપશે.

મંત્રી બાબરિયા બપોરે ૦૩:૩૦ કલાકે, ખીરસરા થી પ્રાકૃતિક ફાર્મને જોડતા રસ્તાના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં, બપોરે ૦૪:૩૦ કલાકે લોધિકા તાલુકાના દેવગામ ખાતે એચ.એસ. થી દેવગામ અભેપર રોડના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં, સાંજે ૦૫:૩૦ કલાકે બાલસર ગેઈટ - બાલાજી વેફર્સની સામે કાલાવાડ રોડ ખાતે બાલાસર વાગુદડ રોડ જોઈનીંગ લોધિકા ખીરસરા રોડના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં હાજરી આપશે.

તેમજ તા.૨૨ ડીસેમ્બરને રવિવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે ત્રંબા ગામ ખાતે ત્રંબા-વડાળી રોડ અને એચ.એસ. ટુ અણીયારા પાડાસણ રોડના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં અને સવારે ૦૯:૩૦ કલાકે સરધાર ગામ ખાતે એચ.એસ. ટુ સરધારા -હરીપર - બાડપર-હોડથલી -દડવા રોડના ખાતમુહૂર્ત કાર્યક્રમમાં હાજરી આપશે. ત્યાર બાદ સવારે ૧૧:૦૦ કલાકે શાસ્ત્રી મેદાન, લીમડા ચોક ખાતે એગ્રી વર્લ્ડ એક્સ્પોમાં કાર્યક્રમમાં હાજરી આપનાર હોવાનું જાણવા મળ્યું છે.

